પ્રશ્નબેંક

# વિષય : ગુજરાતી

## દ્વિતીય સત્ર

વર્ષ: 2025-'26

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને

તાલીમ પરિષદ, ગાંધીનગર

ધોરણ –5

C-2.1 વિવિધ લખાણને સમજવા માટે અર્થગ્રહણ માટેની વિવિધ વ્યૂહરચનાઓ (અનુમાન કરવું, ધારણા કરવી, કલ્પના કરવી) નો ઉપયોગ કરે છે.

અધ્યયન નિષ્પત્તિઓ:

G5211 ગુજરાતી, બહુભાષીય (ઘરની/સ્થાનિક/ભારતીય) અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીમાંથી વિગતો શોધે.

G5212 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે.

G5213 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીમાંથી વિગતોનો ઉપયોગ કરે.

G5214 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીને લગતી કલ્પના, ધારણા, અનુમાન કરે છે.

G5215 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીનું આપેલા મુદ્દાઓ / વિભાગોના આધારે વિશ્લેષણ કરે છે.

ફકરા પરથી પ્રશ્નો

પ્રશ્ન : (1) ફકરો વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. ત્યારે લોકો એક ગામથી બીજે ગામ પગપાળા જતા. ધૂળાભાઈ નામના એક વેપારી પોતાનું વેપારનું કામ પતાવી પોતાના ગામ જવા નીકળ્યા. તેમની પાસે એક થેલો હતો. રસ્તામાં ગાઢ જંગલ હતું. આ જંગલમાં કેટલાક ડાકુઓ સંતાઈને રહેતા. જંગલમાંથી પસાર થતા વટેમાર્ગુઓને તેઓ લૂંટી લેતા. ધૂળાભાઈને ડાકૂઓની બીક તો લાગતી હતી, પણ જંગલમાં થઈને ગયા વિના છૂટકો જ ન હતો. તેઓ પોતાના ગામની દિશામાં ચાલવા લાગ્યા. રસ્તામાં તેમનો ભેટો ડાકુઓ સાથે થયો. ધૂળાભાઈ પાસે જે થેલો હતો તેમાં વજનિયાં હતાં. ધૂળાભાઈને પોતાના હાથ-પગ હિમ્મત અને વિશ્વાસને કારણે કોઈની બીક નહોતી એટલે ડાકુઓને તેમણે મારી ભગાડ્યા. આપણા જીવનમાં હિંમત અને વિશ્વાસનું મહત્ત્વ ઘણું જ છે.

પ્રશ્નો :

1 વેપારીને કામ પતાવીને ક્યાં જવું હતું?

જંગલમાં (B) . પોતાના ગામ

(C) . વજનિયા લેવા (D) . બીજાના ગામ

2 ડાકુઓ છુપાઈને કેમ રહેતા હશે?

(A) ટાઢ ન લાગે એટલે (B) તડકો ન લાગે એટલે

(C) કાળા ન પડી જવાય એટલે (D) પોલીસ પકડી ન લે માટે

3 ધૂળાભાઈ કોની મદદથી ડાકુને હરાવી શક્યા?

(A) હાથ પગની મદદથી (B) પોલીસની મદદથી

(C) હાથપગ તથા હિમ્મત અને વિશ્વાસ (D) હિમ્મત અને વિશ્વાસ

4 ધૂળાભાઈના થેલામાં શું હતું ?

(A) પથ્થર (B) વજનિયાં (C) પૈસા (D) ખાલી હશે

5 ખોટી જોડ શોધો.

. (A) વટેમાર્ગુ – રાહદારી (B) બીક – હિમ્મત (C) ડાકુ-લૂંટારા (D) જંગલ – વન

પ્રશ્ન : (2) ફકરો વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

હું તમારી જેમ નાનો હતો ત્યારની આ વાત છે. મારો એક મિત્ર ચંદ્રકાંત હતો. હું એને પ્રેમથી ચંદુ કહેતો. એ સમયે આજના જેવા મોબાઇલ કે સ્માર્ટ ટીવી ન હતાં. અમે ખાસ કરીને મેદાની રમતો રમતા. કબડ્ડી, ખોખો અને ગિલ્લીદંડા જેવી રમતો રમવાની બહુ જ મજા આવતી. અમારાં સૌનાં ઘર ત્યારે નળિયાવાળાં. એટલે અમે ઘરના નળિયામાંથી ચળાઈને આવતાં ચાંદરણાંની રમત રમતા. મારા દાદાજીને ધોતી પર ચાંદરણાં પડતાં ત્યારે આપણને અત્યારે મોબાઇલ જોવાની જેવી મજા પડે છે એવી જ મજા પડતી, પણ એક દિવસ અચાનક ક્યાંકથી એક મોટો ઉંદરડો ચંદુ પર પડ્યો ને ચંદુ તો ઊભી પૂછડીએ ભાગ્યો....

પ્રશ્નો :

1 ‘નળિયાં’ એટલે......

(A) . અગાશી પરનું ધાબું

(B) . ધાબા પરનું ચણતર

(C) . છત ઢાંકવા માટેનાં માટીનાં સાધન

(D) . ચાંદરણાં પાડવા માટેની જગ્યા

2 ચાંદરણાં ધોતી પર ક્યાંથી પડતાં હશે?

(A) બારીમાંથી (B) આકાશમાંથી (C) . બારણામાંથી (D) મેદાનમાંથી

3. આ કેટલા સમય પહેલાંની વાત લાગે છે?

(A) . બે વર્ષ (B) . પચાસ વર્ષ (C) . હજાર વર્ષ (D) . લાખ વર્ષ

4 ચંદુ શું કામ ભાગ્યો હશે?

(A) ચાંદરણું પડ્યું એટલે (B) દાદાજી આવી ગયા એટલે

(C) તે ડરી ગયો હતો (D) તેને ઘરે જવું હતું

5 મોબાઈલ કે ટીવી હોય જ નહીં તો તમે શું કરો?

(A) કંઈ ન કરો (B) જાગી જાઓ (C) મિત્રો સાથે રમો

(D) ભમતા રહો

પ્રશ્ન : (3) ફકરો વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

એક હતો બચુડો. બચુડો બહુ જ ઉત્સાહી. તેને સૈનિકો પર બહુ જ પ્રેમ. ટીવીમાં કે ફિલ્મમાં સૈનિકોને જોઇને ખુશ થઈ જાય. સાચુકલા સૈનિકો જોઈ જાય તો તેમને સલામ પણ કરે. બચુડાને સૈનિક બનવાનું મન હતું. સોટી હાથમાં લઈને બંદૂકની જેમ પકડીને જમીન પર સૂઈને દુશ્મનોને વીંધી નાખવાનો અભિનય કરતો. સૈનિકની જેમ ખડતલ થવા માટે વ્યાયામ કરતો, દોડ કરતો - લાંબી ઊંચી કૂદ કરતો અને ફણગાવેલાં કઠોળ ખાઈને શરીરને મજબૂત બનાવવા માટે ખૂબ મહેનત કરતો.આ જ કારણે બચુડો આજે બચુડો નથી પણ કર્નલ બચેન્દ્ર તરીકે ઓળખાય છે.બચુડામાંથી કર્નલ બચેન્દ્ર બનવાનું સ્વપ્ન તેણે સાકાર કર્યું છે. માણસ ધારે તો શું ન કરી શકે?

પ્રશ્નો :

1. શરીરને મજબૂત બનાવવા માટે શું કરવું જોઈએ?

(A) વ્યાયામ (B) ઉપવાસ (C) દોડકૂદ (D) ખોરાક

2. બચુડો કઈ રીતે કર્નલ બચેન્દ્ર બની શક્યો?

(A) સપનાં જોવાથી (B) અથાગ પરિશ્રમ વડે

(C) આળસ કરી ને (D) ટીવી મોબાઇલ વડે

3. ફણગાવેલાં કઠોળ શા માટે ખાવાં જોઈએ?

(A) તેમાંથી ભરપૂર પ્રોટીન મળે છે (B) તે સસ્તામાં મળે છે.

(C) તેમાંથી કઈ મળતું જ નથી. (D) તે ખાવામાં પોચું હોય છે.

4 બચુડો શા માટે સૈનિક બનવા માંગતો હતો?

(A) તેને બંદૂક ફોડવી ગમતી હતી. (B) તેનું સપનું હતું

(C) તેને ફરવું ગમતું હતું (D) તેનો મિત્ર સૈનિક હતો

5 સોટી બંદૂકની જેમ પકડવી એટલે....

(A) સોટી ફોડવી (B) સોટી હલાવવી

(C) બંદૂક ફોડવાનો અભિનય કરવો (D) સોટી ધુમાવવી

પ્રશ્ન : (4) ફકરો વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

તમે મહાત્મા ગાંધીજીને તો ઓળખો જ છો. તેમણે પોતાની આત્મકથા લખી છે. જે 'સત્યના પ્રયોગો'તરીકે ઓળખાય છે. . તેઓ નાના હતા ત્યારે તેમને ઇંગ્લેન્ડ ભણવા જવાનું થયું. કાયદાનો અભ્યાસ કરવા માટે ગાંધીજી ઇંગ્લૅન્ડ જતા હતા. ત્યારે જ તેમણે માતાને વચનો આપ્યાં હતાં. એમાનું એક હતું - શાકાહારી ભોજન. પોતાના સ્વાદ અને આનંદને ભૂલીને ગાંધીજી સાદુ - શાકાહારી ભોજન કરતા. તેમના માનવા પ્રમાણે તો દૂધ પીવું એ પણ શાકાહાર ન ગણાય. ઇંગ્લેન્ડમાં શાકાહારી ભોજન મેળવવાનું ઘણું જ મુશ્કેલ હતું. ગાંધીજી દૂર સુધી ચાલીને શાકાહારી લોજમાં જમવા જતા.

પ્રશ્નો :

1 ગાંધીજીને શાકાહારનું વચન પાળવા માટે...

(A) ઇંગ્લેન્ડ ભણવા જવું પડ્યુ. (B) દૂર દૂર સુધી ચાલીને જવું પડ્યુ.

(C) મિત્રોની સંગત કરવી પડી. (D) માતાને વાચન આપવું પડ્યુ.

2 કયું વિધાન સાચું નથી?

(A) ગાંધીજી કાયદાના અભ્યાસ માટે ઇંગ્લેન્ડ ગયા.

(B) ગાંધીજીએ માતાને વચન આપ્યું.

(C) ગાંધીજીને દૂર દૂર સુધી ચાલીને જવું પડતું.

(D) ગાંધીજીને શાકાહારી ભોજનમાં વધુ પૈસા આપવા પડતા હતા.

3 શાકાહારી ભોજન કરવાથી ગાંધીજીને કયો ફાયદો થયો હશે?

(A) બીમાર પડી જતા હશે. (B) ઉધરસ થઈ જતી હશે.

(C) તંદુરસ્ત રહેતા હશે. (D) શરદી થઈ જતી હશે.

4 ખોટી જોડ શોધો.

(A) ગાંધીજી - માતાને વચન (B) ગાંધીજી – શાકાહારી ભોજન

(C) ગાંધીજી - ભાવતું ભોજન (D) ગાંધીજી - દૂર સુધી ચાલીને જવું

5. શાકાહારી ભોજન મેળવવાનું મુશ્કેલ શા માટે હશે??

(A) મોંઘુ હશે (B) ઘણા લોકો માંસાહારી હશે

(C) . ઘણા લોકો શાકાહારહશે (D) પચવામાં અઘરું પડતું હશે.

પ્રશ્ન : (5) ફકરો વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

રજાઓમાં અમે મામાના ગામે જઈએ. મામાનું ગામ બહુ જ રળિયામણું છે. ગામના પાદરે લીમડાનાં વૃક્ષો છે. ત્યાં બે ઓટલા પણ છે. ઓટલા પર વડીલો બેસે. અલકમલકની વાતો કરે. ક્યારેક છાપું વાંચે. આ વખતે અમે ગયા ત્યારે મારા નાનાજી પણ વડીલો સાથે બેઠા હતા. તેમણે મને જોઈને કહ્યું, " આવી ગયા ભાણાભાઈ? સાજાનરવા તો છો ને?" મેં કહ્યું, "હા, નાનાજી!તમે કેમ છો?" તેમણે કહ્યું," ઠીક મારા ભાઈ, ચાલે છે! ચાલો હું પણ ઘરે જ આવું છું. સામાન્ય રીતે ઘણી વાતો કરતા નાનાજી આજે મારા પ્રશ્નોનો ટૂંકો જવાબ જ વાળતા હતા. એમની ચાલ પણ ધીમી હતી. એ કમર પર હાથ દઈને ચાલતા હતા. મેં પૂછ્યું તો કહે કે "હવે અમારો વખત થયો... તમારી જેવું ક્યાં સુધી ચાલી શકાય?"

પ્રશ્નો :

1 ' રળિયામણું' એટલે કેવું?

(A) મોટું (B) નાનું (C) સુંદર (D) એક મણ રાઈ સમય એવડું

2 નાનાજીનો કાયમી સ્વભાવ કેવો છે?

(A) વાતોડિયો

(B) ઓછાબોલો

(C) ગુસ્સાવાળો

(D) બજારમાં કડક

3 ‘અલકમલક’ની વાતો એટલે…. .

(A) જાતજાતની વાતો (B) એક જ સરખી વાતો

(C) કંટાળાજનક વાતો (D) પોતાના ઘરની વાતો

4. નાનાજીની આજની સ્થિતિ વિષે શું સાચું છે?

(A) એ ખૂબ આનંદમાં છે.

(B) એ થોડાક દુખી છે.

(C) ભાણાભાઈનું આવવું તેમને ગમ્યું નથી.

(D) ભાણાને સારું લગાડવા ખોટું બોલે છે.

5. નાનાજીને કાંઈ તકલીફ હોય તેવું લાગે છે?

(A) વધુ ઉંમર અને અશક્તિ

(B) ગરીબી

(C) ઘરમાં થયેલો ઝઘડો

(D) ગામના ઓટલે થયેલી બોલચાલ

પ્રશ્ન : (6) ફકરો વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

મારાં દાદીમા અમને રોજ એક વાર્તા કહેતાં. એમને ઘણી વાર્તાઓ મોઢે હતી. દાદીમા પરવારીને સૂવા માટે આવે ત્યારે હું ને સરિતા તૈયાર જ હોઈએ. “દાદી! વાર્તા કહો ”. દાદીમા રાક્ષસની વાત કહે, પરીની વાત કહે, રાજકુમારીની વાત કહે. અલાદીનની વાર્તા કહે અને બત્રીસ પૂતળીની વાર્તા કહે. સરિતા કહે, “બા! તમારી પાસે વાર્તાની ફેક્ટરી છે?”

દાદી હસીને કહે, “ના ! પણ મને મારાં નાની બહુ જ વાર્તાઓ કહેતાં.  મેં એ બધી યાદ રાખી લીધી.  એ વાર્તાઓ તમને સંભળાવું છું.”

હું કહેતો, “ દાદી તમે જાદુગર છો જાદુગર! વાર્તાનાં જાદુગર!

પ્રશ્નો:

1 દાદીમાનો રોજનો ક્રમ શો હતો?

(A) ભજન કરવા

(B) રસોઈ બનાવવી

(C) વાર્તા કહેવી

(D) પાઠ કરવો

2 દાદીમા કોની વાર્તા ન કરતાં?

(A) પરીની

(B) ભૂતની

(C) અલાદીનની

(D) રાક્ષસની

3 દાદીને આટલી બધી વાર્તાઓ કેમ આવડતી હતી?

(A) તે ખૂબ વાંચન કરતાં

(B) નાનપણમાં જ યાદ થઇ ગઈ હતી

(C) તેમનાં નાનીએ યાદ રખાવનું કહેલું

(D) તે સ્પર્ધામાં વધુ ભાગ લેતાં

4 દાદીને વાર્તાની ફેક્ટરી કેમ કહ્યું હશે?

(A) ગપ્પું છે

(B) ઘણી વાતો ફરી ફરી કહેતાં

(C) રોજ નવી વાર્તા કહેતાં

(D) બહુ વહાલાં હતાં

5. વાર્તાનાં જાદુગર એટલે. .

(A) જાદુના ખેલ આવડતા હોય (B) જાદુની જ વાર્તા કર્યા કરે

(C) વાર્તા કહેતી વખતે જાદુ કરે (D) ખૂબ વાર્તાઓ કહે

પ્રશ્ન : (7) ફકરો વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

ચોમાસાનો સમય વીતી ચૂક્યો હતો છતાં વરસાદ ન આવ્યો. કાળુ સહિતના ખેડૂતોના મોઢા પર ચિંતાની રેખાઓ સ્પષ્ટ દેખાતી હતી. બધાને ખબર હતી કે અનાજ અને પાણી ખૂટી ગયું હતું. આવનારો સમય ભયાનક હશે એ બાબતની ચિંતા ધરતીપુત્રો સહિત બીજા લોકોને પણ હતી. આ પહેલો દુકાળ નહોતો પણ આવો દુકાળ પહેલીવાર હતો. માણસ પોતાનાં પાપ સંતાડવા ઘણું કરે, પણ ભૂખ આગળ શરમ હારી જાય. વર વહુનું ખાઈ જાય અને દીકરો બાપનું ખાઈ જાય એવો કળજુગ જીવતેજીવ જોવાનું દુખ કાળુને ઘણું હતું. હજુ કાળુ વટલાયો નહોતો. 'મરી જવું પણ માણસ મટી ન જવું' એ એનો જીવનમંત્ર હતો.

પ્રશ્નો :

1. ચોમાસાનો સમય વીતી ચૂક્યો હતો તે છતાં વરસાદ ન આવ્યો એટલે......

(A) આ વખતે પાણી ખૂબ મળશે. (B) આ વખતે સારો પાક ઉગશે.

(C) દુષ્કાળ પડ્યો છે. (D) ઠંડી ખૂબ પડવાની છે.

2. કાળુ સહિતના ખેડૂતો શા માટે ચિંતિત હતા?

(A) ખેતી નહીં થઈ શકે. (B) ગામમાં ખૂબ કીચડ ફેલાશે.

(C) માખી મચ્છરો વધી જશે. (D) આકાશ વાદળ વગરનું સારું ન લાગે.

3. દુષ્કાળની કઈ સ્થિતિથી કાળુ દુખી છે?

(A) લોકો બહુ ચિંતામાં છે તેથી (B) લોકો બહુ સ્વાર્થી થઇ ગયા છે તેથી

(C) ભૂખ અને તરસથી હેરાન થઈ જવાય. (D) એ માણસ મટી ન ગયો તેથી

4. ભૂખ આગળ શરમ ક્યારે હારી જાય ?

(A) ખાવા માટે લોકો ઝઘડા કરે ત્યારે (B) ખાવા માટે ઉઘાડેછોગ ખોટું કામ કરે ત્યારે

(C) બીજાને પોતે ખાવા આપે ત્યારે (D) લોકો પોતાનાં પાપ સંતાડે ત્યારે

5. કાળુને આ સમય કળિયુગ કેમ લાગે છે?

(A) લોકો બહુ ભૂખ્યાં છે એટલે

(B) વરસાદ નથી આવતો એટલે

(C) લોકો બહુ સ્વાર્થી બની ગયા છે એટલે

(D) દુષ્કાળ લાંબો સમય ચાલ્યો એટલે

પ્રશ્ન : (8) ફકરો વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

લેખક ધૂમકેતુએ અનેક વાર્તાઓ લખી છે. તેમાંથી એક વાર્તા 'પૉસ્ટ ઓફિસ 'નામની છે. તેમાં મુખ્ય પાત્ર અલી ડોસાનું છે. અલી ડોસાની પુત્રીનું નામ મરિયમ છે. ચાલો આપણે વાર્તાનું થોડું વર્ણન વાંચીએ. વહેલી સવારનો સમય હતો. આખું શહેર ઊંઘતું હતું. કહે નહીં પણ કતલ કરી નાખે એવા મીઠા સ્વભાવના મનુષ્ય જેવી ઠંડી હતી. અલી ડોસો પોતાની ફાટેલી ગોદડીને શરીરે વીંટાળીને પોતાની લાકડીના ટેકે ધીમે ધીમે આગળ ધપી રહ્યો હતો. રોજની જેમ છેક શહેરના છેડે આવેલી પોસ્ટ ઓફિસ જઈને તેણે પોસ્ટ માસ્તર સાહેબને પૂછ્યું, સાહેબ મારી દીકરીનો પત્ર આવ્યો છે?

પ્રશ્નો :

1. આખું શહેર ઊંઘતું હતું એટલે. . . . . .
   - (A) શહેર ઘસઘસાટ સૂઈ ગયું હતું.
   - (B) શહેર નસ્કોરા બોલાવી રહ્યું હતું.
   - (C) શહેરના લોકોનો વ્યવહાર હજી શરૂ નહોતો થયો.
   - (D) શહેર બગાસા ખાતું હતું.

2. અલી ડોસો લાકડીના ટેકે ચાલી રહ્યો હતો કારણકે. . . . .
   - (A) તેનામાં ખૂબ તાકાત હતી. (B) તેને ઝડપથી પહોંચવું હતું.
   - (C) તે વૃદ્ધ અને અશક્ત હતો. (D) તેને ખૂબ ઠંડી લાગતી હતી.

3. અલી ડોસો. . . . . . . . . . . . . . . . . . . . . હશે.
   - (A) મજબૂત (B) ગરીબ (C) ધનવાન (D) અપરાધી.

4. અલી ડોસો કડકડતી ઠંડીમાં પોસ્ટ ઓફિસ જતો હતો કારણ કે. . .
   - (A) તેની પાસે ફાટેલી ગોદડી હતી. (B) તેની દીકરીના સમાચાર મેળવવા હતા.
   - (C) તેની પાસે લાકડી હતી. (D) પોસ્ટ ઓફિસ બહુ દૂર હતી.

5. અલી ડોસો પોતાની દીકરીના સમાચાર મેળવવા માટે. . . . . . . . .
   - (A) આજે જ પોસ્ટ ઓફિસ આવ્યો હતો.
   - (B) બે દિવસથી પોસ્ટ ઓફિસ આવતો હતો.

(C) તે રાત્રે પણ પોસ્ટ ઓફિસ આવ્યો હતો.

(D) ઘણા લાંબા સમયથી પોસ્ટ ઓફિસ આવતો હશે.

પ્રશ્ન : (9) ફકરો વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

માલવપતિ મુંજ એક મહાન રાજવી હતો. રાજા હોવાની સાથે તે સાહિત્ય અને કળાને પણ ઉત્તેજન આપતો હતો. માલવપતિ મુંજે અનેક વખત તૈલપને યુદ્ધમાં હરાવ્યો હતો. પરંતું દયા કરીને છોડી મૂકતો. પણ છેલ્લા યુદ્ધમાં પોતાના સેનાપતિ ભિલ્લમનો જીવ બચાવવા જતાં તૈલપના અગણિત સૈનિકોએ મુંજને ઘેરી લીધો અને આ યુદ્ધમાં તેની હાર થઈ. તૈલપે મુંજને છોડ્યો નહીં. તેણે મુંજને હાથીના પગ નીચે કચડી દેવાની સજા ફટકારી. તૈલપનું આ વર્તન તેના પોતાના સૈનિકોમાં પણ અપ્રિય થઇ પડ્યું હતું. માલવપતિ મુંજને જોવા તૈલપના સૈનિકો અને નગરજનો તલપાપડ થતા હતા. તૈલપના કેટલાક નગરજનોને લાગતું હતું કે દગાથી જ ફસાવ્યો હશે! નહિતર ક્યાં તૈલપ અને ક્યાં આ માલવપતિ!

પ્રશ્નો :

1. મુંજ. . . . . . . . . . . . . . . . . .

(A) ખૂબ જ શક્તિશાળી અને દયાળુ હતો. (B) નિર્દય અને કમજોર હતો .

(C) અત્યાચારી અને જુલમી હતો. (D) બીકણ અને નિર્બળ હતો .

2 મુંજ યુદ્ધમાં પકડાઈ ગયો કારણકે. . . . .

(A) તૈલપ ખૂબ બળવાન હતો.

(B) ખૂબ બધા દુશ્મન સૈનિકોએ તેને ઘેરી લીધો

(C) દુશ્મન સૈનિકોને તેણે ઘેરી લીધા.

(D) સેનાપતિ ભિલ્લમ જીવતો ન રહ્યો એટલે.

3. તૈલપ ક્રૂર અને દયાહીન હતો કારણકે. .

(A) તેણે મૂંજને પકડી લીધો હતો. (B) તેણે મુંજને માફી આપી.

(C) તેણે મુંજને માફી આપી નહીં. (D) મુંજે તેને માફી આપી હતી.

4. નગરજનોના મત મુજબ દગો કરનાર કોણ હશે?

(A) મુંજ (B) તૈલપ (C) ભિલ્લમ (D) સેનાપતિ

5 માલવપતિ મુંજ ખૂબ જ શક્તિશાળી હતો એવું શા પરથી કહી શકાય?

(A) એકલો તૈલપ જ એને પકડી શકે એમ હતો.

(B) હાથી પણ તેને કચડી શકે એમ નહોતો.

(C) તેને પકડવા માટે ઘણા સૈનિકોની જરૂર પડી

(D) તે ભિલ્લમને ઊંચકી શકે એમ નહોતો.

પ્રશ્ન : (10) ફકરો વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

બચુ નામનો એક છોકરો. તે બહુ જ ચબરાક. ભણવામાં તો હોશિયાર, પણ તોફાન- મસ્તીમાં પણ એક્કો. એકવાર બચુએ નકલી દાઢી અને ભભૂત લગાવીને મમ્મીની મજાક કરવાનું નક્કી કર્યું. વેશ બદલીને તે ઘરના આંગણામાં જઈને મોટેથી બોલ્યો, "ચપટી આટા દે દે મૈયા. " બચુની મમ્મી બચુના નાક પાસેનો તલ જોઈને ઓળખી ગઈ કે આ બહુરૂપી કોણ છે! મમ્મીએ આટાને બદલે વેલણ બતાવ્યું એટલે બચુ પોતે જ ભોંઠો પડી ગયો. પોતાની બધી મહેનત પાણીમાં ગઈ! બચુ તરત જ પોતાના મૂળ વેશમાં આવી

ગયો, પણ દાઢી મૂછની માફક ભભૂત કંઇ જલદી છોડે? ભલે ચોરી પકડાઈ માતા-પુત્ર ખડખડાટ હસીને એકબીજાને ભેટી પડ્યાં ."

પ્રશ્નો :

1 ફકરામાં 'લોટ' માટે કયો હિન્દી શબ્દ વપરાયો છે?

(A) ખરરાટા (B) પાટા (C) આટા (D) ઘાટા

2 'બચુભાઈ પાછાં મૂળ વેશમાં આવી ગયા' એટલે. .

(A) બચુ ડાહ્યો થઈ ગયો. (B) બચુએ દાઢીએ ભભૂત હટાવી દીધી.

(C) બચુ તોફાની થઈ ગયો. (D) બચુએ ભિક્ષા માંગી.

3. બચુ કેમ ભોંઠો પડી ગયો?

(A) મમ્મીએ વેલણ બતાવ્યું એટલે (B) પોતે આટો ખાઈ ગયો એટલે

(C) વેલણથી ડરીને ભોંય પર પડ્યો એટલે (D) મમ્મીને જોઇને શરમાઈ ગયો એટલે

4 'માતા-પુત્ર ખડખડાટ હસીને એકબીજાને ભેટી પડ્યાં' દ્વારા સાબિત થાય છે કે –

(A) મમ્મી ડરી ગઈ (B) બચુ નાટક કરતો હતો.

(C) મમ્મી બચુના નાટકથી ખુશ થઈ ગઈ. (D) મમ્મી નાટક કરતી હતી.

5 મમ્મીને ભેટ્યો ત્યારે બચુ કેવો લાગતો હશે?

(A) દાઢી-મૂછ-ભભૂત સાથેનો (B) દાઢી-મૂછ-ભભૂત વગરનો

(C) દાઢી મૂછ વગરનો-ભભૂતવાળો (D) દાઢી મૂછ વાળો – ભભૂત વગરનો

વાર્તા પરથી પ્રશ્નો

C-3.1 લેખનની વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે (જેવીકે ઘટનાને ક્રમમાં ગોઠવવી - શીર્ષકો પેટા શીર્ષકો ઓળખવા અને ફકરા પાડવા.)

અ. નિ.

G 5311 માહિતી અને અનુભવોમાંથી પ્રાપ્ત થયેલી સમાજને પરિચિત અને શીખેલાના શબ્દોનો ઉપયોગ કરી અસરકારક વાક્યમાં લખે.

G 5312 આડાઅવળા શબ્દોને ગોઠવીને વાક્યોને ઘટનાક્રમમાં ગોઠવે છે.

G 5313 લાંબા ફકરા માંથી શરૂઆત મધ્ય અંતને અયોગ્ય ક્રમમાંથી યોગ્ય ક્રમમાં ગોઠવો.

G 5314 અપીલ વાર્તા કે પ્રસંગ માટે આપેલા ત્રણ શિક્ષકોને આધારે આપેલ વાર્તા કે પ્રસંગ માટે ક્રમબદ્ધ રીતે યોગ્યતાના ક્રમમાં ગોઠવે છે.

G 5315 એક સળંગ લખાણના પાડેલા ચાર વિભાગ માટે આડાઅવળા ક્રમમાં આપેલા ચાર શીર્ષકોને છે તે ફકરા સાથે જોડે.

G 5316 એક સળંગ લખાણના પાડેલા ચાર વિભાગોને યોગ્ય શીર્ષક આપે.

પ્રશ્ન : (1) વાર્તા વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

એક જ્યોતિષ હતા. તેમની ભવિષ્યવાણી હંમેશાં સાચી પડતી. ગામના બે યુવાનોએ નક્કી કર્યું કે આપણે ગામ લોકોની હાજરીમાં જ્યોતિષીને ખોટા સાબિત કરીશું. તેમણે ખિસ્સામાં એક સ્વિચવાળી ટોર્ચ રાખી અને જ્યોતિષને પૂછ્યું કે, “અમારા ખિસ્સાની ટોર્ચ ચાલુ છે કે બંધ છે?” જો જ્યોતિષ એમ કહે કે, ‘ટોર્ચ ચાલુ છે’ તો સ્વિચ ઓફ કરે અને જો એમ કહે કે ટોર્ચ બંધ છે તો સ્વિચ ઓન કરી ટોર્ચ ચાલુ કરી દેવાની અને જ્યોતિષીની ઠેકડી ઉડાડવાની; આમ યોજના બનાવીને તેમણે જ્યોતિષને પૂછ્યું કે, “બોલો અમારા કોટના ખિસ્સાની ટોર્ચ ચાલુ છે કે બંધ? તમે મહાન જ્યોતિષી હો તો જણાવો જ્યોતિષીએ શાંતિથી ઉત્તર આપ્યો, “તે તમારા હાથની વાત છે.” આ સાંભળીને ગામમાં હાજર બધા લોકો ક્ષણભર શાંત થઈ ગયા. યુવાનોને સમજાઈ ગયું કે જ્યોતિષે ભવિષ્ય નહીં પરંતુ માનવની જવાબદારી અને નિર્ણયની શક્તિ બતાવી છે. ગામલોકોએ જ્યોતિષીની પ્રશંસા કરી અને બંને યુવાનોને સમજાયું કે સાચું જ્ઞાન ચાલાકીમાં નહીં, પરંતુ સમજદારીમાં હોય છે.

પ્રશ્નો :

1. ગામના બે યુવાનો જ્યોતિષીને ખોટા સાબિત કરવા કેમ માંગતા હતા?

(A) જ્યોતિષ સાથે દુશ્મની હોવાથી

(B) જ્યોતિષની ભવિષ્યવાણી પર શંકા હોવાથી

(C) ગામલોકોને મનોરંજન આપવા

(D) જ્યોતિષ પાસેથી ઈનામ મેળવવા

2. યુવાનોએ ખિસ્સામાં શું રાખ્યું હતું?

(A) ઘડિયાળ

(B) મોબાઇલ

(C) સ્વિચવાળી ટોર્ચ

(D) દીવો

3. જ્યોતિષે "તે તમારા હાથની વાત છે" એવું કેમ કહ્યું?

(A) તેને જવાબ ખરેખર ખબર નહોતો

(B) તેણે પ્રશ્ન  ટાળ્યો જેથી પોતાની આબરૂ ન જાય

(C) તેણે પરિસ્થિતિ પર યુવાનોનું નિયંત્રણ બતાવ્યું

(D) તેણે યુવાનોને પડકાર આપવો હતો

4. આ વાર્તાનો મુખ્ય સંદેશ કયો છે?

(A) જ્યોતિષી કશું જાણતા નથી, તો પણ કહેતા હોય છે.

(B) જ્યોતિષી બધું જાણતા હોય છે પણ કહેતા નથી.

(C) માનવનું ભવિષ્ય તેના નિર્ણય પર આધારિત છે

(D) યુવાનો હંમેશાં ખોટા માર્ગે જતા હોય છે

5 . વાર્તાની શરૂઆત-મધ્ય-અંત શોધો.

(A) ઘમંડી યુવાનો-ટોર્ચ ચાલુ કે બંધ હોવાનો આધાર તમારા હાથમાં-પ્રખર જ્યોતિષી

(B) પ્રખર જ્યોતિષી-ટોર્ચ ચાલુ કે બંધ હોવાનો આધાર તમારા હાથમાં -ઘમંડી યુવાનો

(C) ટોર્ચ ચાલુ છે કે બંધ  હોવાનો આધાર તમારા હાથમાં- - પ્રખર જ્યોતિષી - ઘમંડી યુવાનો

(D) પ્રખર જ્યોતિષી - ઘમંડી યુવાનો- ટોર્ચ ચાલુ છે કે બંધ  હોવાનો આધાર તમારા હાથમાં

પ્રશ્ન : (2) વાર્તા વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

એક રાજા હતા. રાજાને ચાર પુત્રો હતા. ઉંમર મોટી થવાના કારણે એમણે રાજસત્તા કોને સોંપવી એવી ચિંતા હતી. ખૂબ વિચાર બાદ તેમણે ચારે પુત્રોને પાંચ પાંચ રૂપિયા આપતાં કહ્યું કે આ પાંચ રૂપિયામાંથી કોઈ વસ્તુ વડે આખો ઓરડો ભરી આપશે એને જ હું રાજા બનાવીશ. પહેલા પુત્રએ ગુસ્સો કરીને વિચાર્યું કે પાંચ રૂપિયામાં શું આવે? આમ કહી તેણે પાંચ રૂપિયા ખાવા માટે ખર્ચ કર્યા. બીજાએ આમાં કંઈ ના આવે એમ વિચારી રૂપિયા પાછા આપી દીધા. ત્રીજાએ પાંચ રૂપિયાનું રૂ ખરીદી રૂમ ભરી દીધો. અને ચોથાએ પાંચ રૂપિયા માંથી તેલ, કોડિયું અને વાટ ખરીદી ઓરડામાં દીવા પ્રગટાવ્યો. રાજકુમારોની કસોટી પૂરી થઇ. રાજાએ ચોથા પુત્રને રાજા બનાવ્યો!

પ્રશ્નો:

વાર્તાની ઘટનાનો સાચો ક્રમ કયો છે?

1-પ્રકાશ ફેલાવનારને રાજા બનાવવો

2-રાજાની ચિંતા

3-દરેક પુત્રને પાંચ-પાંચ રૂપિયા આપવા

4-દરેક પુત્રએ સ્વભાવ અનુસાર કામ કર્યું

4-1-2-3

2-3-4-1

1-3-2-4

3-1-2-4

રાજાએ પોતાના ચાર પુત્રોને પાંચ–પાંચ રૂપિયા કેમ આપ્યા?

(A) તેમની બચત કરવાની આવડત કેવી છે તે તપાસવા

(B) તેમની બુદ્ધિ અને વિચારશક્તિની તપાસવા

(C) તેમને પોતાની મરજી મુજબ આનંદ કરવા

(D) ખર્ચ કરવામાં કરકસરની આદત શીખવવા

ત્રીજા પુત્રએ શું કર્યું?

(A) રૂપિયા ખાવા માટે ખર્ચી નાખ્યા

(B) રૂપિયા પાછા આપી દીધા

(C) રૂ ખરીદી ઓરડો ભરી દીધો

(D) દીવો પ્રગટાવ્યો

ચોથા પુત્રને રાજા કેમ બનાવવામાં આવ્યો?

(A) કારણ કે તેણે વધારે વસ્તુઓ ખરીદી

(B) કારણ કે તેણે રૂપિયા બચાવ્યા

(C) કારણ કે તેણે સર્જનાત્મકતા બતાવી

(D) કારણ કે તે સૌથી નાનો હતો

ત્રીજા અને ચોથા પુત્રના ઉકેલમાં મુખ્ય ફરક શું હતો?

(A) એકે રૂમ ભર્યો, બીજાએ ખાલી રાખ્યો

(B) એકે વસ્તુથી જગ્યા ભરી, બીજાએ પ્રકાશથી ભરી

(C) એકે ઓછા રૂપિયા વાપર્યા

(D) એકે રાજાને નારાજ કર્યો

Bottom of Form

પ્રશ્ન : (3) વાર્તા વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

મુલ્લા નસીરુદ્દીન ખૂબ માયાળુ અને સારા સ્વભાવના હતા. આ કારણે અનેક લોકો તેમના ઘરે મેહમાન બનીને આવતા. મુલ્લા અને તેમનાં પત્ની મહેમાનોની આગતા સ્વાગતા કરતાં અને તેમને ઉત્તમ પ્રકારનું ભોજન કરાવતાં. એક સંબંધી ખૂબ જ લુચ્ચો અને નફફટ હતો એ અવારનવાર મુલ્લાના ઘરે આવતો અને મહિનાઓ સુધી રોકાઈને ખાઈ પીને જલસા કરતો. પોતાના ઘરે જવાનું નામ જ ન લેતો. મુલ્લા તેનાથી કંટાળી ગયા પણ સંબંધીને કહી શકતા નહીં. એક વખત એ ઘર તરફ આવી રહ્યો હતો ત્યારે મુલ્લાએ પત્ની સાથે ઝઘડાનું નાટક શરૂ કર્યું. જેથી પેલો ઘરે ન આવે. મુલ્લાએ પત્ની સાથે ઝગડવાના ખોટા બૂમબરાડા પાડયા. પત્ની ખોટું ખોટું રડવા લાગી. સંબંધી આવ્યો નહીં. તેનાં પગલાંનો અવાજ પણ નહોતો આવતો. મુલ્લાએ કહ્યું, “જોયું હું કેવો ગુસ્સે થયો!” પત્નીએ કહ્યું, “હું પણ કેવી રડી!” ત્યાં જ સંબંધી પ્રગટ થયો અને બોલ્યો, “જોયું...હું ય કેવો ભાગ્યો...!”

પ્રશ્નો :

મુલ્લાના માયાળુ સ્વભાવનો સંબંધિ કેવી રીતે ગેરફાયદો ઉઠાવતા?

(A) સંબંધી મુલ્લાના ઘરે ક્યારેય તો જતો જ નહીં

(B) સંબંધી મુલ્લાના વખાણ કરતા

(C) સંબંધી મુલ્લાના ઘરે જ પડ્યો રહેતો

(D) સંબંધી મુલ્લાના ઘરે ક્યારેક જ જતો

વાર્તાની સાચી શરૂઆત, મધ્ય અને અંત શોધો.

લુચ્ચા મહેમાનનુ ફરી આવવુ- ઝઘડાનું નાટક- ઉદારદીલ મુલ્લા

ઉદારદીલ મુલ્લા- લુચ્ચા મહેમાનનુ ફરી આવવુ- ઝઘડાનું નાટક

ઉદારદીલ મુલ્લા- ઝઘડાનું નાટક- લુચ્ચા મહેમાનનુ ફરી આવવુ

ઝઘડાનું નાટક- લુચ્ચા મહેમાનનુ ફરી આવવુ-ઉદારદીલ મુલ્લા

3. મુલ્લા નસીરુદ્દીન કેવી સ્વભાવના હતા?

(A) ગુસ્સાવાળા

(B) કંજુસ

(C) માયાળુ અને સારા

(D) ચાલાક અને કપટી

4. લુચ્ચો સંબંધી મુલ્લાના ઘરે વારંવાર કેમ આવતો હતો?

(A) મુલ્લાને મળવાની ઇચ્છા હોવાથી

(B) ઘરનું બનેલું ઉત્તમ ભોજન કરવા

(C) લાંબા સમય સુધી ખાઈ-પી અને આરામ કરવા

(D) પોતાના ઘરનું ખાવાનું ભાવતું નહોતું

5. મુલ્લાએ પત્ની સાથે ઝઘડાનું નાટક કેમ કર્યું?

(A) પત્ની સાથે સાચે ઝઘડો થયો હતો

(B) સંબંધીને ડરાવીને દૂર રાખવા

(C) પોતાનો ગુસ્સો બતાવવા

(D) પડોશીઓને બતાવવા

આ વાર્તામાં હાસ્યનું મુખ્ય કારણ શું છે?

(A) મુલ્લાનો ગુસ્સો

(B) પત્નીનું રડવું

(C) સંબંધીનું અચાનક પ્રગટ થવું અને જવાબ

(D) મહેમાનોનું ભોજન

સંબંધીના "હું ય કેવો ભાગ્યો" વાક્યથી શું સમજાય છે?

(A) તે બહુ ભય અને શરમમાં આવી ગયો હતો

(B) તે મુલ્લાની ચતુરાઈ સમજી ગયો હતો

(C) તે ખરેખર ભાગી ગયો હતો

(D) તે ભાગ્યો પણ પકડાઈ ગયો હતો

પ્રશ્ન 4: વાર્તા વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

લંચબ્રેક દરમિયાન આખો વર્ગખંડ ખાલી હતો. અચાનક બ્લેક બોર્ડે ખખડાટ કર્યો અને બોલ્યું, "વાહ! આજે તો મારો અવાજ પણ સાંભળે એવું કોઈ નથી." ચોક ઉછળી પડ્યો અને હસીને બોલ્યો, "ચિંતા ન કર, આજે હું એકલો જ પાઠ લખી દઈશ!" એટલામાં સીલીંગ પંખો જોરથી ફરવા લાગ્યો અને કાગળો ઉડાડતાં બોલ્યો, "જુઓ, હું વર્ગખંડનું હેલિકોપ્ટર છું!" બેન્ચ કણસીને બોલી, "બાળકો વગર તો મને ઊંઘ આવે છે." ત્યાં પેન્સિલ લપસી પડી અને ચીસ પાડી, "અરે શાંત થઇ જાઓ! સાહેબ આવી રહ્યા છે!" દરવાજો ખુલ્યો અને બધું ફરી શાંત થઈ ગયું. શિક્ષકે કહ્યું, "આજે વર્ગખંડ બહુ જ ઉત્સાહમાં લાગે છે!"

1. વર્ગખંડ કેમ ખાલી હતો?

(A) રજા હતી તેથી

(B) રિસેસ હતી તેથી

(C) ઉત્તરાયણ હતી તેથી

(D) નિર્જીવ વસ્તુઓનું તોફાન હતું તેથી

2. સીલીંગ પંખાએ પોતાને હેલિકોપ્ટર કેમ કહ્યો?

(A) પોતે ઊંચે છે તેથી

(B) એ બધું ઉડાડી શકે છે તેથી

(C) હેલિકોપ્ટરના પંખા જેવો ફરે છે તેથી

(D) એ જોરદાર પવન આપે છે તેથી

3. બેન્ચ વિશે શું સાચું છે?

(A) બેન્ચને ઊંઘ બહુ ગમે છે

(B) બેન્ચ અને બાળકોને બનતું નથી

(C) બેન્ચ બાળકો વગર ઉદાસ અને નિષ્ક્રિય છે

(D) પંખાના પવનથી બેન્ચ ખીજાઈ ગઈ.

4. આ વાર્તામાં નવાઈ કઈ છે?

(A) વર્ગખંડમાં શિક્ષક નથી.

(B) વર્ગખંડમાં બાળકો નથી.

(C) નિર્જીવ વસ્તુઓ બોલે છે.

(D) સાહેબ અચાનક જતા રહ્યા.

5. સાહેબે "વર્ગખંડ બહુ ઉત્સાહમાં લાગે છે" એવું કેમ કહ્યું હશે?

(A) પંખો ખૂબ ઝડપથી ફરતો હતો

(B) બાળકો શોર કરતાં હતાં

(C) વર્ગખંડની વસ્તુઓ હળવાશથી મસ્તી કરતી હતી

(D) બાળકો હળવી મજાક મસ્તી કરતાં હતાં તેથી

પ્રશ્ન : (5) વાર્તા વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

એક હતું ગાઢ જંગલ. જંગલમાં એક પાગલ સિંહ રોજ કરતો દંગલ. નાનાં-મોટાં પશુ-પંખીનો કરતો શિકાર રોજ, અને બનાવતો સૌને ભોજ. સભા એકત્ર કરી સૌ પ્રાણીઓએ અને કર્યો ઠરાવ. અમે રોજ એક પ્રા ણી તમને મોકળીશું, જેથી તમે ધરાવ. વારાફરતી ઓછાં થયાં અનેક પ્રાણી. પાગલ સિંહે શેકી જંગલની ધાણી. એક દિવસ ચાલાક સસલોનો આવી ગયો વારો. સિંહને કૂવામાં ધકેલવાની યોજના ઘડીને ચાલવા લાગ્યો પ્યારો. . સિંહ એક આવ્યો છે વનમાં બીજો, મહારાજ તમે આવો બહાર અને તગેડી મૂકો એને એના વતનમાં. . સિંહ તાડૂક્યો કરી ગર્જના કૂવામાં જોઈને સ્વયંમનું પ્રતિબિંબ લગાવી દીધી છલાંગ . . થયો છુટકારો સૌનો અને સસલો આરામથી પહોંચ્યો પોતાના .

1 સિંહ જંગલમાં કયા પ્રકારનો ત્રાસ ફેલાવી રહ્યો હતો?

(A) જંગલનાં પ્રાણીઓને ગીત સાંભળાવીને.

(B) પ્રાણીઓને વાર્તાઓ સંભળાવીને.

(C) પ્રાણીઓને પોતાનું ભોજન બનાવતો હતો.

(D) નસકોરાં બોલાવીને કોઈને સૂવા નહોતો દેતો.

2. વાર્તાની ઘટનાનો સાચો ક્રમ કયો છે?

1- પ્રાણીઓએ સિંહ સમક્ષ મૂકેલો પ્રસ્તાવ 2- જંગલમાં સિંહનો ત્રાસ

3- સિહની કૂવામાં છલાંગ 4- ચતુર સસલાનો વારો

(A) 4-2-3-1 (B) 2-1-4-3 (C) 3-2-1-4 (D) 1-2-4-3

3. 'પાગલ સિંહે શેકી જંગલની ધાણી' નો શો અર્થ થાય?

(A) સિંહે જંગલનાં પ્રાણીઓ પર ખૂબ જુલમ કર્યો .

(B) ધાણી ખાતો હોય એમ સિંહે બીજાં પ્રાણીઓ ખાધાં

(C) જંગલનાં ઝાડમાં આગ લગાવી તેથી ધાણી ફૂટવા જેવા અવાજ થયા.

(D) સિંહ બધાં પ્રાણીઓને ધાણીની જેમ શેકીને ખાતો હતો

4. આ વાર્તાની રજૂઆત કેવી રીતે જુદી પડે છે?

(A) કવિતા જેવા પ્રાસવાળાં વાક્યો છે .

(B) વાક્યો આડાંઅવળાં લખ્યાં છે.

(C) લખાણમાં બહુ બધી ભૂલો છે.

(D) વાર્તામાં સસલું સૌથી હોશિયાર છે.

5. વાર્તાની સાચી શરૂઆત-મધ્ય-અંત શોધો.

સિંહનો ત્રાસ-પ્રાણીઓની યોજના અને સસલાનો વારો-સસલાની ચલાકીથી સિંહનો અંત

સસલાની ચલાકીથી સિંહનો અંત-સિંહનો ત્રાસ-પ્રાણીઓની યોજના અને સસલાનો વારો

પ્રાણીઓની યોજના અને સસલાનો વારો- સિંહનો ત્રાસ- સસલાની ચલાકીથી સિંહનો અંત

સિંહનો ત્રાસ- સસલાની ચલાકીથી સિંહનો અંત- પ્રાણીઓની યોજના અને સસલાનો વારો

પ્રશ્ન : (6) વાર્તા વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

બગદાદ નામના શહેરમાં અલાદીન નામનો એક યુવાન તેની માતા સાથે રહેતો હતો. તે દોરડા વણવાની મજૂરી કરી પોતાનું અને માતાનું પેટ ભરતો. દૂર રણની અંદર એક ગુફામાં રહેતો જાદૂગર જાદૂઈ ચિરાગ મેળવવા માટે વરસોથી કોશિશ કરી રહ્યો હતો. જાદૂગરને ખબર પડી કે જમીનની અંદરની

દુનિયામાં પડેલા ચિરાગને ફક્ત અલાદીન જ ઉઠાવી શકે એમ હતો અને જો કોઈ બીજું ચિરાગને અડે તો બળી જ જાય એટલે જાદૂગર દૂરનો મામો બનીને ભોળા અલાદીનને પોતાની જાળમાં ફસાવીને લઈ ગયો, પણ ભોળાનો ભગવાન હોય છે એ મુજબ અલાદીનને ખબર પડી ગઈ અને જાદૂગરને તેની જ જાળમાં ફસાવીને અલાદીન જાદુઈ ચિરાગનો માલિક બની ગયો.

પ્રશ્નો :

1. 'દોરડા વણવાની મજૂરી કરી પોતાનું અને માતાનું પેટ ભરતો' એટલે. .

(A) દોરડા ખાઈને પેટ ભરતો (B) રણની રેતી ખાઈને પેટ ભરતો

(C) મહેનત કરીને જીવન ગુજરાન કરતો (D) માતાનું પેટ ભરતો પોતે ભૂખ્યો રહેતો.

2. વાર્તાની ઘટનાનો સાચો ક્રમ છે. .

1- જાદૂગરનું આગમન 2- અલાદીનને જાદુઈ ચિરાગ મળવો

3 -બગદાદમાં રહેતો અલાદીન 4 -જાદૂગરની દુષ્ટ યોજના

(A) 3-4-1-2 (B) 4-1-2-3 (C) 3-1-4-2 (D) 1-3-2-4

જાદુગર ખરાબ હતો એ શા પરથી સમજાય છે?

એ અલાદીનનો ચિરાગ પડાવી લેવા માંગતો હતો.

એ અલાદીનને છેતરીને લઇ ગયો હતો.

એને જાદુઈ ચિરાગ મેળવવાની ઈચ્છા હતી

એ અલાદીનને મારી નાખવા માંગતો હતો.

4. યોગ્ય શીર્ષક શોધો

| ઘટના અ | | શીર્ષક બ | |
|---|---|---|---|
| 1 | અલાદીનને ચિરાગ મળવો | 1 | એક થા અલાદીન |
| 2 | દુષ્ટ જાદુગરની યોજના | 2 | પ્લાન |
| 3 | જાદુગરનું બગદાદ આગમન | 3 | આયા તુફાન |
| 4 | બગદાદમાં અલાદીન રહેતો હતો. | 4 | અલાદીન અને જાદુઈ ચિરાગ |

(A) 1-4, 2-2, 3-3, 4-1 (B) 1-3, 2-4, 3-2, 4-1

(C) 1-4, 2-2, 3-1, 4-3 (D) 1-3, 2-1, 3-4, 4-2

5. વાર્તાની સાચી શરૂઆત-મધ્ય-અંત શોધો.

ભોળો અલાદીન-કપટી જાદુગર-અલાદીનને ચિરાગ મળ્યો

અલાદીનને ચિરાગ મળ્યો- ભોળો અલાદીન-કપટી જાદુગર

કપટી જાદુગર- ભોળો અલાદીન- અલાદીનને ચિરાગ મળ્યો

ભોળો અલાદીન- અલાદીનને ચિરાગ મળ્યો- કપટી જાદુગર

પ્રશ્ન : (7) વાર્તા વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

સ્વામી વિવેકાનંદનું બાળપણનું નામ નરેન્દ્ર હતું. તેઓ ખૂબ બુદ્ધિશાળી હતા. એક દિવસ, નરેન્દ્ર અને તેના મિત્રો શિક્ષક પાસે એક અઘરો પાઠ ભણી રહ્યા હતા. પાઠ ચાલતો હતો ત્યારે નરેન્દ્રએ પોતાની આંખો બંધ કરી દીધી. શિક્ષકને લાગ્યું કે નરેન્દ્ર ઊંઘી રહ્યો છે, તેથી તેમને ગુસ્સો આવ્યો. તેમણે નરેન્દ્રને ઊભા થઈને જવાબ આપવા કહ્યું. નરેન્દ્રએ વિનમ્રતાથી કહ્યું, "ગુરુજી, હું ઊંઘતો નહોતો. હું તો તમે જે સમજાવ્યું તે સંપૂર્ણ એકાગ્રતાથી યાદ કરી રહ્યો હતો. " શિક્ષકને તેની વાત પર વિશ્વાસ ન આવ્યો અને તેમણે નરેન્દ્રને આખો પાઠ બોલી બતાવવા કહ્યું. નરેન્દ્રએ તરત જ શિક્ષકે સમજાવેલો આખો પાઠ એક પણ ભૂલ વગર મોઢે સંભળાવી દીધો. નરેન્દ્રની આવી અદ્ભુત એકાગ્રતા જોઈને શિક્ષક આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે નરેન્દ્રને ખૂબ આશીર્વાદ આપ્યા. આ જ એકાગ્રતાની શક્તિને કારણે નરેન્દ્ર આગળ જતાં મહાન સ્વામી વિવેકાનંદ બન્યા.

પ્રશ્નો :

1. સ્વામી વિવેકાનંદનું બાળપણનું નામ શું હતું?

(A) સુરેન્દ્ર (B) નરેન્દ્ર (C) મહેન્દ્ર (D) યોગેન્દ્ર

2. પાઠ ચાલતો હતો ત્યારે નરેન્દ્રએ શું કર્યું?

(A) તે રમત રમવા લાગ્યો (B) તે ઊભા થઈને બહાર ગયો

(C) તેણે સવાલો પૂછ્યા (D) તેણે પોતાની આંખો બંધ કરી દીધી

3. નરેન્દ્રની આંખો બંધ જોઈને શિક્ષકને શું લાગ્યું?

(A) તે ધ્યાન કરી રહ્યો છે (B) તે થાકી ગયો છે

(C) તે ઊંઘી રહ્યો છે (D) તે બીમાર છે

4. નરેન્દ્રએ શિક્ષકને શું જવાબ આપ્યો?

(A) મને માફ કરો, હું મોડો પડ્યો (B) હું સંપૂર્ણ એકાગ્રતાથી પાઠ યાદ કરી રહ્યો હતો

(C) મને કંઈ સંભળાતું નહોતું (D) હું બીજું કંઈક વિચારી રહ્યો હતો

5. શિક્ષકે નરેન્દ્રની કઈ શક્તિ જોઈને આશીર્વાદ આપ્યા?

(A) તેમની સારી તબિયત (B) તેમની દોડવાની ઝડપ

(C) તેમનો સારો સ્વભાવ (D) તેમની અદ્ભુત એકાગ્રતા

પ્રશ્ન : (8) વાર્તા વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

પ્રવીણ ધોરણ પાંચમાં ભણતો એક ઉત્સાહી વિદ્યાર્થી હતો. તેને મોબાઈલ પર વીડિયો જોવાની અને ગેમ રમવાની આદત હતી. રોજ સાંજે તે લાંબા સમય સુધી મોબાઈલમાં વ્યસ્ત રહેતો. આ કારણે તેનું હોમવર્ક અધૂરું રહેતું તેની માતા તેને વારંવાર સમજાવતી. ધીમે ધીમે પ્રવીણનું ધ્યાન ભણવામાં ઓછું થવા લાગ્યું. પરીક્ષામાં તેને ઓછા ગુણ મળ્યા. શિક્ષકે તેને મોબાઈલનો યોગ્ય ઉપયોગ સમજાવ્યો. શિક્ષકે કહ્યું કે મોબાઈલનો ઉપયોગ માત્ર શિક્ષણ માટે જ કરવો જોઈએ. ત્યાર પછી પ્રવીણ મોબાઈલનો ઉપયોગ અભ્યાસ માટે અને જરૂરી માહિતી મેળવવા જ કરવા લાગ્યો. થોડા જ દિવસોમાં તેની એકાગ્રતા વધી અને પરિણામ સુધર્યું, ત્યારે પ્રવીણને સમજાયું કે મોબાઈલ સમજદારીથી વપરાય તો લાભ આપે છે.

પ્રશ્નો :

1. પ્રવીણને શરૂઆતમાં અભ્યાસમાં મુશ્કેલી કેમ થવા લાગી?

(A) વિષય કઠિન હોવાથી (B) મોબાઈલનો વધારે ઉપયોગ હોવાથી

(C) માતાની વાત માનતો ન હોવાથી (D) માતા સમજાવતી હોવાથી

2. પ્રવીણના ઓછા ગુણ આવવાનું મુખ્ય કારણ શું હોઈ શકે?

(A) નસીબ

(B) અભ્યાસમાં રસ ન હોવો

(C) સમયનો ખોટો ઉપયોગ

(D) વિષય ન ગમવો

3. પ્રવીણના નિર્ણયમાં કયો ગુણ જોવા મળે છે?

(A) ઉતાવળ

(B) સમજદારી

(C) આળસ

(D) ડર

4. આ વાર્તામાં શિક્ષકની ભૂમિકા શું છે?

(A) સજા આપનાર

(B) માર્ગદર્શક

(C) નિરીક્ષક

(D) મિત્ર

5. આ વાર્તાનો મુખ્ય સંદેશ કયો છે?

(A) મોબાઈલ રમવા માટે છે

(B) અભ્યાસ મુશ્કેલ છે

(C) મોબાઈલનો ઉપયોગ ઓછો કરવો

(D) ઓછા ગુણ સામાન્ય છે

પ્રશ્ન : (9) વાર્તા વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

રિદ્ધિ પાંચમા ધોરણમાં ભણતી એક ઉત્સાહી વિદ્યાર્થિની હતી. તેને ફાસ્ટફૂડ ખાવાની આદત હતી એને કસરત કરવી પસંદ ન હતી. રોજ મોબાઈલમાં વ્યસ્ત રહેવાના કારણે તેને પૂરતી ઊંઘ પણ મળતી ન હતી. થોડા સમય પછી રિદ્ધિને વારંવાર થાક લાગવા લાગ્યો. શાળામાં પણ તેનું ધ્યાન અભ્યાસમાં ન રહેતું. એક દિવસ શાળામાં આરોગ્ય વિષયક કાર્યક્રમ યોજાયો. ડૉક્ટરે બાળકોને પૌષ્ટિક ખોરાક, નિયમિત કસરત અને પૂરતી ઊંઘનું મહત્ત્વ સમજાવ્યું. રિદ્ધિને પોતાની ભૂલ સમજાઈ અને પોતાની જીવનશૈલી બદલવાનું નક્કી કર્યું. તે રોજ વહેલી સુવા લાગી અને સવારમાં ચાલવા જવા લાગી. તેણે ફાસ્ટફૂડ છોડીને ઘરનું પૌષ્ટિક ભોજન ખાવું શરૂ કર્યું. થોડા દિવસોમાં રિદ્ધિ વધુ સક્રિય અને ખુશ દેખાવા લાગી, ત્યારે તેને સમજાયું કે સારું આરોગ્ય જ સારા જીવનનો આધાર છે.

1. રિદ્ધિને શરૂઆતમાં થાક કેમ લાગવા લાગ્યો?

(A) અભ્યાસ વધારે હોવાથી

(B) પૂરતી ઊંઘ અને કસરતના અભાવે

(C) શાળા દૂર હોવાથી

(D) મિત્રો ન હોવાથી

2 . શાળામાં યોજાયેલા આરોગ્ય કાર્યક્રમનો મુખ્ય હેતુ શો હતો?

(A) મનોરંજન આપવાનો

(B) કસરત કરતાં શીખવવાનો

(C) આરોગ્ય વિશે જાગૃતિ લાવવાનો

(D) પૌષ્ટિક ખોરાક આપવાનો

3. ડૉક્ટરની સમજણમાંથી કયો મુદ્દો સૌથી મહત્ત્વનો હતો?

(A) મોબાઈલ વધુ વાપરવો.

(B) ફાસ્ટફૂડ ખાવુ

(C) પૌષ્ટિક ખોરાક, કસરત અને ઊંઘ

(D) દવા લેવી.

4. રિદ્ધિએ જીવનશૈલીમાં કયો ફેરફાર કર્યો?

(A) વધુ મોબાઈલ વાપર્યો.

(B) કસરત બંધ કરી.

(C) વહેલા ઊંઘી જવાનું શરૂ કર્યું.

(D) અભ્યાસ છોડ્યો.

5. વાર્તાનો મુખ્ય સંદેશ કયો છે?

(A) રિદ્ધિને ફાસ્ટફૂડ ખૂબ સ્વાદિષ્ટ લાગે છે.

(B) રિદ્ધિ બહુ મોબાઈલ જોતી હતી તેથી થાકી જતી હતી.

(C) સારું આરોગ્ય જ સારા જીવનનો આધાર છે.

(D) રિદ્ધિ કસરત કરે તો જ સારી રહી શકે તેમ હતું.

પ્રશ્ન : (10) વાર્તા વાંચો અને જવાબ આપો. (5 ગુણ)

એક નાના ગામમાં રોહિણી નામની હોશિયાર છોકરી રહેતી હતી, જે પાંચમા ધોરણમાં ભણતી હતી. એક દિવસ તેના પપ્પા તેના માટે "રોબો" નામનો એક ખાસ રોબોટ લાવ્યા. રોબો બોલી શકતો હતો, ગીતો ગાઈ શકતો હતો અને રોહિણીને ટેકનોલોજી શીખવી શકતો હતો. રોબોએ રોહિણીને સમજાવ્યું કે (C) PU કમ્પ્યૂટરનું મગજ છે, R(A) M યાદશક્તિ છે અને હાર્ડડિસ્ક ફાઈલો સંગ્રહવાની લાઈબ્રેરી છે. તે શીખી કે

વોટ્સએપ મેસેજ ડેટા પેકેટ્સમાં વહેંચાઈને સેકન્ડમાં પહોંચે છે. રોબોએ રોહિણીને કોડિંગ શીખવ્યું જે કમ્પ્યૂટર સાથે વાત કરવાની ભાષા છે. રોહિણીએ એક પ્રોગ્રામ બનાવીને રોબોને નાચવાની સૂચના આપી. એક દિવસ રોહિણીને એક લાખ રૂપિયા જીત્યાનો ઇમેઇલ મળ્યો. રોબોએ તેને ચેતવણી આપી કે 'આ સાયબર છેતરપિંડી છે. અજાણ્યા લોકોને વ્યક્તિગત માહિતી આપવી જોઈએ નહીં.' રોહિણી શીખી કે જો સમજદારીથી ઉપયોગ કરીએ તો ટેકનોલોજી જીવન સરળ બનાવે છે.

1. રોબો નાચી શક્યો તેનું મુખ્ય કારણ શું હતું?
   - (A) રોબો પોતે સમજદાર હતો.
   - (B) રોહિણીએ કોડિંગ શીખ્યું હતું.
   - (C) રોબો ગીત ગાતો હતો.
   - (D) બધા રોબો નાચી જ શકે
2. એક લાખ રૂપિયા જીત્યાનો ઇમેઇલ શા માટે ખોટો હતો?
   - (A) ઇમેઇલ મોડો આવ્યો હતો.
   - (B) તે સાયબર છેતરપિંડી હતો.
   - (C) ઇમેઇલ અંગ્રેજીમાં હતો.
   - (D) રોબોએ કહ્યું હતું માટે.
3. રોબોએ રોહિણીને વ્યક્તિગત માહિતી ન આપવા શા માટે ચેતવણી આપી?
   - (A) માહિતી ખર્ચાળ હતી માટે
   - (B) રોબોને માહિતી ખબર હતી માટે
   - (C) સાયબર ગુનાથી બચવા માટે
   - (D) એક લાખ રૂપિયા મોટી રકમ છે માટે
4. રોબો પોતે A I નું ઉદાહરણ છે, તેનો અર્થ શું થાય?
   - (A) રોબો માનવી છે.
   - (B) રોબો વિચાર અને શીખી શકે છે.
   - (C) રોબો ફક્ત રમકડું છે.
   - (D) રોબો ઇન્ટરનેટ છે.
5. આ વાર્તામાં રોબોની સૌથી મહત્ત્વની ભૂમિકા કઈ છે?
   - (A) મનોરંજન કરવું અને નાચવું.

(B) ગીત ગાવું, નાચવું અને બધાં કામ કરવાં.

(C) ટેકનોલોજી અને સુરક્ષા શીખવવી.

(D) સાયબર છેતરપીંડી કરવી .

પોસ્ટર /જાહેરાત

પ્રશ્ન 3 આપેલા પ્રશ્નોના જવાબ આપો ગુણ 5

C-2.1 વિવિધ લખાણને સમજવા માટે અર્થગ્રહણ માટેની વિવિધ વ્યૂહરચનાઓ (અનુમાન કરવું, ધારણા કરવી, કલ્પના કરવી) નો ઉપયોગ કરે છે.

G5212 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે.

G5213 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીમાંથી વિગતોનો ઉપયોગ કરે.

G5214 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીને લગતી કલ્પના, ધારણા, અનુમાન કરે છે.

G5215 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીનું આપેલા મુદ્દાઓ / વિભાગોના આધારે વિશ્લેષણ કરે છે.

**પ્રશ્ન :1. પોસ્ટરને આધારે પ્રશ્નોના જવાબ આપો.** **5 ગુણ**

## 🏔 શ્રી સરસ્વતી વિદ્યા મંદિર 🏔 શૈક્ષણિક પ્રવાસ ૨૦૨૬ -

**"ચાલો ઈતિહાસ અને વિજ્ઞાનના સંગમે"...**

પૌરાણિક નગરી પાટણના દર્શને જવા માટે તૈયાર થઈ જાઓઆપણા વારસાને જાણવાની અને ! વિજ્ઞાનના રહસ્યોસમજવાની આ એક સુવર્ણ તક છે.

📅 **તારીખ:** ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ (રવિવાર)

**સમય:** સવારે ૬૦૦ વાગ્યા સુધી:૦૦ થી રાત્રે ૮:

🚌 **સ્થળ:** શાળાનું પટાંગણ (અહીંથી બસ ઉપડશે)

💰 **ફી:** ₹ 300 નાસ્તો), લંચ અને એન્ટ્રી ટિકિટ સાથે(

### 🏰 પ્રવાસનાં મુખ્ય આકર્ષણો 🏰

૧. રાણીની વાવ: વિશ્વ વિખ્યાત વર્લ્ડ હેરિટેજ સાઈટ અને શિલ્પકલાનો અદભૂત નમૂનો.

૨. સહસ્રલિંગ તળાવ: પ્રાચીન સમયની જળ વ્યવસ્થાપન પદ્ધતિની ઝલક.

3. રીજીયોનલ સાયન્સ સેન્ટર: વિજ્ઞાનના પ્રયોગો અને નવીનતમ ટેકનોલોજીની દુનિયા.

### ⚠ ખાસ સૂચનાઓ:

1. દરેક બાળકે શાળાનો ગણવેશ અને આઈકાર્ડ- ફરજિયાત પહેરવું.
2. પોતાની પાણીની બોટલ, ડાયરી અને પેન સાથે રાખવા.
3. કચરો ગમે ત્યાં ફેંકવો નહીં, સ્વચ્છતા જાળવવી.
4. **નોંધ:** પ્રવાસમાં આવવા માટે વાલીનું સંમતિ પત્રક ૨૦ જાન્યુઆરી સુધીમાં જમા કરાવવું.

**🎁 ખાસ ભેટ: દરેક બાળકને વિજ્ઞાન કેન્દ્ર તરફથી એક 'મેજિક કીચેઈન-' આપવામાં આવશે!**

પ્રશ્નો :

1. આ પ્રવાસમાં કયા વિષયોનો સંગમ જોવા મળે છે?
   - (A) માત્ર રમત-ગમત
   - (B) ઈતિહાસ અને વિજ્ઞાન
   - (C) ચિત્રકલા અને સંગીત
   - (D) ગણિત અને અંગ્રેજી
2. 'વર્લ્ડ હેરિટેજ સાઈટ' તરીકે કોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે?
   - (A) સહસ્રલિંગ તળાવ
   - (B) વિજ્ઞાન કેન્દ્ર
   - (C) રીજીયોનલ
   - (D) શાળાનું પટાંગણ
3. પ્રવાસનો કુલ સમયગાળો કેટલા કલાકનો રહેશે?
   - (A) ૧૦ કલાક
   - (B) ૧૨ કલાક
   - (C) ૧૪ કલાક
   - (D) ૬ કલાક
4. પ્રવાસની ફીમાં કઈ બાબતનો સમાવેશ થતો નથી?
   - (A) બપોરનું જમવાનું
   - (B) બસનું ભાડું
   - (C) એન્ટ્રી ટિકિટ
   - (D) રાત્રિ રોકાણ

5 બાળકોએ સાથે ડાયરી અને પેન શા માટે લાવવાનાં હશે?
   - (A) ચિત્રો દોરવા માટે
   - (B) રમત રમવા માટે
   - (C) માહિતીની નોંધ કરવા માટે
   - (D) મિત્રોનાં નામ-સરનામાં લખવા માટે

**પ્રશ્ન 2 પોસ્ટરને આધારે પ્રશ્નોના જવાબ આપો.** **5 ગુણ**

**C-2.1** **વિવિધ લખાણને સમજવા માટે અર્થગ્રહણ માટેની વિવિધ વ્યૂહરચનાઓ (અનુમાન કરવું, ધારણા કરવી, કલ્પના કરવી) નો ઉપયોગ કરે છે.**

G5212 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે.

G5213 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીમાંથી વિગતોનો ઉપયોગ કરે.

G5214 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીને લગતી કલ્પના, ધારણા, અનુમાન કરે છે.

G5215 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીનું આપેલા મુદ્દાઓ / વિભાગોના આધારે વિશ્લેષણ કરે છે.

## વન વિભાગનું વિશેષ અભિયાન

**"વૃક્ષો બચાવો – ભવિષ્ય બચાવો"**

**વન વિભાગ તરફથી પ્રજાને અપીલ**

"આવો, સાથે મળીને પ્રકૃતિને સંરક્ષિત કરીએ અને હરિયાળા ગુજરાતનું સ્વપ્ન સાકાર કરીએ!"

- ✓ વૃક્ષોને કાપશો નહિ.
- ✓ વધુમાં વધુ વૃક્ષો વાવો.
- ✓ જંગલ અને પ્રાણી સંરક્ષણમાં સહયોગ આપો.
- ✓ પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરો.
- ✓ પાણીનું સંરક્ષણ કરો.

આ અભિયાનમાં જોડાઈને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારી નિભાવો

"એક વૃક્ષ – અનેક જીવનો આધાર"

પ્રકૃતિની સુરક્ષા, આપણી ફરજ

વન વિભાગ

1. આ જાહેરાતનો મુખ્ય ઉદ્દેશ્ય શું છે?
   (A) વૃક્ષો કાપવા માટે પ્રોત્સાહન આપવું
   (B) પ્લાસ્ટિકનું વેચાણ વધારવું

(C) પર્યાવરણ અને પ્રકૃતિનું જતન કરવું

(D) વન વિભાગમાં નોકરી મેળવવી

2. જાહેરાત મુજબ "હરિયાળું ગુજરાત" બનાવવા માટે શું કરવું જરૂરી છે?

(A) વધુમાં વધુ રસ્તાઓ બનાવવા

(B) વધુમાં વધુ વૃક્ષો વાવવાં

(C) પાણીનો વધુ પડતો વપરાશ કરવો

(D) જંગલોમાં ફરવા જવું

3 . "એક વૃક્ષ – અનેક જીવનો આધાર" – આ વાક્ય શું સમજાવે છે?

(A) વૃક્ષ પર ઘણા લોકો ચઢી શકે છે

(B) વૃક્ષ લાકડું આપે છે એટલે તે કિંમતી છે

(C) સજીવ સૃષ્ટિ ઓક્સિજન અને ફળ-ફૂલ માટે વૃક્ષ પર નિર્ભર છે

(D) એક વૃક્ષ કાપવાથી ઘણાં બધાં ઘર બનાવી શકાય છે

4 . પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરવાની સલાહ શા માટે આપવામાં આવી હશે?

(A) કારણ કે પ્લાસ્ટિક મોંઘું છે

(B) કારણ કે પ્લાસ્ટિક પ્રકૃતિને નુકસાન પહોંચાડે છે

(C) કારણ કે પ્લાસ્ટિકનાં રમકડાં સારાં હોતાં નથી

(D) કારણ કે પ્લાસ્ટિકનો રંગ સુંદર હોતો નથી

5. જો જંગલો નષ્ટ થઈ જાય, તો પ્રાણીઓ પર તેની શું અસર થશે?

(A) પ્રાણીઓ શહેરમાં સુખેથી રહેશે

(B) પ્રાણીઓનું અસ્તિત્વ જોખમાશે

(C) પ્રાણીઓને નવી જગ્યા જોવા મળશે

(D) પ્રાણીઓ વધુ શક્તિશાળી બનશે

**પ્રશ્ન 3 પોસ્ટરને આધારે પ્રશ્નોના જવાબ આપો.** **5 ગુણ**

**C-2.1** **વિવિધ લખાણને સમજવા માટે અર્થગ્રહણ માટેની વિવિધ વ્યૂહરચનાઓ (અનુમાન કરવું, ધારણા કરવી, કલ્પના કરવી) નો ઉપયોગ કરે છે.**

G5212 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે.

G5213 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીમાંથી વિગતોનો ઉપયોગ કરે.

G5214 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીને લગતી કલ્પના, ધારણા, અનુમાન કરે છે.

G5215 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીનું આપેલા મુદ્દાઓ / વિભાગોના આધારે વિશ્લેષણ કરે છે.

# 📖 શબ્દોના સથવારે: બાળવાર્તા કથન સ્પર્ધા 📖

## "તમારી કલ્પનાને આપો નવી પાંખ !"

તમામ વાર્તાપ્રેમી મિત્રો માટે સુવર્ણ તક! તમારી મનપસંદ વાર્તા કહો અને જીતો આકર્ષક ઇનામો.

### 📋 <u>સ્પર્ધાના નિયમો અને સૂચનાઓ:</u>

- સ્પર્ધામાં ભાગ લેવા માટે ધોરણ ૩ થી ૫ ના વિદ્યાર્થીઓ પાત્ર છે.
- વાર્તાનો સમયગાળો ૩ થી ૫ મિનિટનો રહેશે.
- વાર્તા મૌલિક (પોતાની લખેલી) અથવા જાણીતી હોઈ શકે છે, પણ રજૂઆત પોતાની શૈલીમાં હોવી જોઈએ.
- વાર્તા કહેતી વખતે જરૂરી ચિત્રો અથવા મોહરાનો ઉપયોગ કરી શકાશે.
- સ્પર્ધકોએ ૧ ફેબ્રુઆરી સુધીમાં લાયબ્રેરીમાં નામ નોંધાવવું જરૂરી છે.

✨ વિશેષ આકર્ષણ : દરેક સહભાગીને 'વાર્તાનું પુસ્તક' પ્રોત્સાહન ભેટ તરીકે આપવામાં આવશે! 🎁

પ્રશ્નો :

1 આ જાહેરાત વાંચ્યા પછી તમને શું લાગે છે કે સ્પર્ધામાં કયા કૌશલ્યની કસોટી થશે?

(A) ચિત્ર દોરવાની

(B) વાર્તા કરવાની

(C) ઝડપથી દોડવાની

(D) વાર્તા લખવાની

2 જો કોઈ બાળક ધોરણ 2 માં ભણતું હોય, તો શું તે આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે?

(A) હા, જો તેને વાર્તા આવડતી હોય તો.

(B) ના, કારણ કે તે ફક્ત ધોરણ 3 થી 5 ના બાળકો માટે છે.

(C) હા, જો તેના શિક્ષક પરવાનગી આપે તો.

(D) કહી શકાય નહીં.

3 'તમારી કલ્પનાને આપો નવી પાંખ' - આ વાક્યનો અર્થ શું થઈ શકે?

(A) પક્ષીઓની જેમ ઉડવું.

(B) વાર્તામાં પાંખો દોરવી.

(C) વિચારોને મુક્ત રીતે રજૂ કરવા.

(D) ઊડતું વિમાન બનાવવું.

4 કોઈ સ્પર્ધક પોતાની વાર્તા ૭ મિનિટ સુધી કહે છે, તો નિયમ મુજબ શું થશે?

(A) તેને ઇનામ મળશે.

(B) તેને વધુ સમય આપવામાં આવશે.

(C) તે નિયમનો ભંગ ગણાશે

(D) તેને ફરીથી વાર્તા કહેવાની થશે.

5 જો આ સ્પર્ધામાં ૧૫ બાળકો ભાગ લે, તો કુલ કેટલાં પુસ્તકો ભેટ તરીકે વહેંચવામાં આવશે?

(A) 3

(B) 10

(C) 15

(D) 5

**પ્રશ્ન 3 પોસ્ટરને આધારે પ્રશ્નોના જવાબ આપો. 5 ગુણ**

C-2.1 વિવિધ લખાણને સમજવા માટે અર્થગ્રહણ માટેની વિવિધ વ્યૂહરચનાઓ (અનુમાન કરવું, ધારણા કરવી, કલ્પના કરવી) નો ઉપયોગ કરે છે.

G5212 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે.

G5213 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીમાંથી વિગતોનો ઉપયોગ કરે.

G5214 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીને લગતી કલ્પના, ધારણા, અનુમાન કરે છે.

G5215 બહુભાષીય અને બહુવિષયક ગદ્ય, પદ્ય અને પ્રકીર્ણ સામગ્રીનું આપેલા મુદ્દાઓ / વિભાગોના આધારે વિશ્લેષણ કરે છે

## હેલ્થ ઈઝ વેલ્થ પ્રોગ્રામ

**"તંદુરસ્તી તમારા હાથમાં"**

**આ ખાસ કાર્યક્રમમાં તમને મળશે –**

- મજા સાથે હેલ્થ ટીપ્સ
- ફન એક્સરસાઇઝ અને ગેમ્સ
- પોષણયુક્ત ખોરાક વિશે જ્ઞાન
- દાંતની સ્વચ્છતા વિશે માર્ગદર્શન
- પાણી પીવાની યોગ્ય ટેવ વિશે માહિતી
- **બાળકો માટે આરોગ્ય ટિપ્સ (Health Tips for Kids)**
- દરરોજ ફળ અને શાકભાજી ખાઓ.

2. પૂરતું પાણી પીવો – દિવસમાં 6–8 ગ્લાસ પાણી પીવો જેથી શરીર હાઇડ્રેટ રહે.

3. રોજ 30 મિનિટ કસરત કરો – દોડવું, કૂદકા મારવા કે રમતો રમવી શરીરને સ્વસ્થ રાખે છે.

પ્રશ્નો:

1. આ કાર્યક્રમનું મુખ્ય શીર્ષક શું છે?
   (A) રમતોત્સવ ૨૦૨૬
   (B) હેલ્થ ઈઝ વેલ્થ પ્રોગ્રામ
   (C) સ્વચ્છ ભારત અભિયાન
   (D) વિજ્ઞાન મેળો

2. શરીરને હાઇડ્રેટ રાખવા માટે જાહેરાતમાં શું સલાહ આપવામાં આવી છે?
   (A) દિવસમાં ૨ ગ્લાસ જ્યુસ પીવો
   (B) દિવસમાં ૬ થી ૮ ગ્લાસ પાણી પીવો
   (C) દિવસમાં ૧૦ ગ્લાસ દૂધ પીવો
   (D) માત્ર તરસ લાગે ત્યારે જ પાણી પીવું

3. 'જંક ફૂડ' ખાવાથી શરીર પર શું અસર થાય છે?
   (A) પાચનક્રિયા નબળી પડે છે
   (B) ઊંઘ સારી આવે છે
   (C) યાદશક્તિ વધે છે
   (D) દાંત મજબૂત થાય છે

4. મજબૂત દાંત અને સુંદર સ્મિત માટે શું કરવું જોઈએ?
   (A) ચોકલેટ ખાવી જોઈએ
   (B) દિવસમાં એકવાર પાણી પીવું જોઈએ
   (C) રોજ બે વખત દાંત સાફ કરવા જોઈએ
   (D) ગરમ ખોરાક ખાવો જોઈએ

5. "તંદુરસ્તી તમારા હાથમાં" - આ વાક્યનો સાચો અર્થ શું હોઈ શકે?
   (A) હાથ લાંબા કરવાથી હેલ્થ વધે છે
   (B) સારી ટેવો દ્વારા આપણે પોતે સ્વસ્થ રહી શકીએ છીએ
   (C) આપણે ડોક્ટરના હાથ પકડવા જોઈએ
   (D) કસરત માત્ર હાથની જ કરવી જોઈએ

## 1. કવિતા આધારિત પ્રશ્નો

પ્રશ્ન 1. આપેલ પ્રશ્નોના ઉત્તર આપો ગુણ 2

ચોખ્ખું ઘરનું આંગણું ચોખ્ખું છે મારું ગામ
જળ બચાવે વૃક્ષ વાવે કરે સૌનું સન્માન
જમતાં પહેલા હાથ ધૂએ ,રોજ સવારે સ્નાન કરે
દેવને યાદ કરી માતા પિતાનું સન્માન કરે

પ્રશ્નો

1 આ ગીતમાં રજૂ થયેલ વિચાર જણાવો

(A) પાણીનો બગાડ કરવો (B) વૃક્ષ કાપવા

(C) ઘર ચોખ્ખું રાખવું (D) કચરો ગમે ત્યાં નાખવો .

2 શરીરની તંદુરસ્તી માટે રોજ શું કરવું જોઈએ ?

(A) સ્નાન (B) સન્માન

(C) ગામ (D) યાદ

પ્રશ્ન 2. આપેલ પ્રશ્નોના ઉત્તર આપો ગુણ 2

એક ચક્કી ને ચક્કો મુંજાઈ ગયાં છે
ચોખા ને મગના બે દાણા હતા ને? હવે ચાંચમાંથી એ પણ છીનવાઈ ગયા છે!
કોમ્પ્યુટર, મોબાઈલ, ટીવી છે સોંઘા પણ એની રંધાય નહીં ખીચડી
ચક્કી ને ચક્કાના જીવન પર ત્રાટકી છે મોંઘવારી નામની આ વીજળી
ફાઇવસ્ટાર મોલના આ ફાલેલા જંગલમાં નાનકડાં સપનાં ખોવાઈ ગયાં છે...

પ્રશ્નો

1. ખીચડી શેની બનાવી શકાય?

A. કોમ્પ્યુટર (B) મગચોખા (C) ટીવી - મોબાઈલ (D) મોલ

2. ચક્કી ચક્કો શા માટે દુઃખી છે?

(A) મગચોખા છીનવાઈ ગયા છે

(B) મોબાઈલ નથી

(C) ટીવી નથી

(D) ફાઇવસ્ટાર મોલ નથી.

3. આ ગીતના આધારે સાચું વિધાન શોધીને લખો.

(A) ચકી અને ચકો મોલમાં ફરવા ગયાં છે..

(B) જીવન જરૂરી વસ્તુઓ મોંઘી બની ગઈ છે.

(C) જંગલમાં બધું ખોવાઈ જાય છે.

(D) ચકી અને ચકાને મોંઘવારી ગમે છે.

પ્રશ્ન 3. આપેલ પ્રશ્નોના ઉત્તર આપો ગુણ 2

અમે ફેરકુદરડી ફરતાં'તાં
ફેરકુદરડી ફરતાં ફરતાં પડી જવાની કેવી મજા!
સાતતાળી રમતાં'તાં , અમે દોડમદોડી કરતાં'તાં
દોડમદોડી કરતાં કરતાં બેસી જવાની કેવી મજા!

પ્રશ્નો

1. આ ગીત કોણ ગાતું હશે?

(A) એક છોકરો (B) શાળાના છોકરાઓ (C) છોકરો અને છોકરી (D) એક છોકરી

2. કઈ રમતમાં સંતાઈ જવાની મજા આવે?

(A) સંતાકુકડી (B) ફેરકુદરડી (C) દોડમદોડી (D) સાતતાળી

પ્રશ્ન 4. આપેલ પ્રશ્નોના ઉત્તર આપો ગુણ 2

ભલો શિયાળો ટાઢ મજાની, ભલો ઉનાળો લૂચ મજાની
વરસાદે વાંછટ મજાની બારેમાસ ગમ્મત મજાની
ધિંગામસ્તી રેલમછેલ રમશું રમશું રેલમછેલ

પ્રશ્ન

1 આ ગીતમાં કેટલી ઋતુની વાત કરેલ છે?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

2 આ ગીતને આધારે સાચું વિધાન શોધો.

(A) શિયાળામાં ઠંડી પડે છે

(B) ઉનાળામાં વરસાદ પડે છે

(C) વરસાદ શિયાળામાં વરસે છે

(D) બારેમાસ લૂ વાય છે

પ્રશ્ન 5. આપેલ પ્રશ્નોના ઉત્તર આપો ગુણ 2

રમો રમો રોજ મેદાનમાં રમત રમો ,
આળસ ભાગે સ્વસ્થતા આવે
રોજ મેદાનમાં રમત રમો.
રમત છે જીવનનો રંગ રમતા રહો દોસ્તો સંગ ,
કબડ્ડી,ક્રિકેટ, ખોખોને ચેસ
કેરમ સંતા કૂકડી, થપ્પો વિશેષ.

પ્રશ્નો.

1. નીચેનામાંથી કઈ રમત ઘરમાં બેસીને રમી શકાય?

(A) કબડ્ડી (B) ક્રિકેટ (C) ખોખો (D) કેરમ

2. આ ગીતના આધારે ખોટું વિધાન શોધો.

(A) રમત રમવાથી શરીર સ્વસ્થ બને છે .

(B) રમત રમવાથી આળસ ભાગે છે.

(C) ચેસ રમવા દસ અગિયાર ખેલાડીની જરૂર પડે.

(D) કબડ્ડી રમત મેદાનમાં રમાય છે.

**પ્રશ્ન 6. આપેલ પ્રશ્નોના ઉત્તર આપો ગુણ 2**

કહે ડોશીમા ખાવી મારે પાઉંભાજી
તાજાં રીંગણ ,ફુલેવર જોઈ બા થયાં રાજી.
તરત જઈ ગામમાં લાવ્યાં ટામેટા ને વટાણા ,
શાકભાજી ધોઈને બાફ્યાં
હિંગ મરચાનો તમતમતો કર્યો વઘાર.
તૈયાર થઈ સ્વાદિષ્ટ પાઉંભાજી.
જમીને થયાં સૌ રાજી.

પ્રશ્નો.

1. પાઉંભાજી કોણે ખાધી?

   (A) રીંગણાંએ (B) ડોશીમાએ (C) બધાંએ (D) વઘારે

2. ગીતના આધારે સાચું વિધાન શોધીને લખો.

   (A) પાઉંભાજીમાં મેથીની ભાજી જોઈએ

   (B) પાઉંભાજી બાળકોને ખૂબ ભાવે .

   (C) પાઉંભાજી લેવા ડોશીમા બજારમાં ગયાં .

   (D) પાઉંભાજી ખાઈને ડોશીમા દુઃખી થયાં.

**પ્રશ્ન 7. આપેલ પ્રશ્નોના ઉત્તર આપો** **ગુણ 2**

મારા વાડામાં આવ્યો એક મોર
સાથે આવી એક કોયલ રાણી
કોયલ બેને ગાયું એક ગીત
નાચ્યો કળાયેલ મધુર મોર
જાગ્યું જગત અને જાગ્યો જગતનો તાત
જોડ્યા બળદ, લીધી કોદાળી હાથ

પ્રશ્નો.

1 મોર શા માટે નાચતો હશે?

   (A) મોર કળાયેલ છે. (B) મોર મધુર છે

   (C) મોરે કોયલનું ગીત સાંભળ્યું (D) મોર મધુર અને કળાયેલ છે.

2 જગતનો તાત એટલે કોણ?

   (A) કડિયો (B) લુહાર (C) ખેડૂત (D) સૈનિક

પ્રશ્ન 8. આપેલ પ્રશ્નોના ઉત્તર આપો ગુણ 2

હિંમત ન હાર, હિંમત ન હાર
આવે મુશ્કેલી તોય હિંમત ન હાર.
ડરને દૂર ફેંકીને, બીકને બતાવ બારી
સફળતા જરૂર મળશે, મહેનત કર તારી
કારોળિયાની જેમ પડીને ફરી ઊભા થઈને
અનુભવમાંથી – ભૂલમાંથી શીખી લઈએ

પ્રશ્નો.

1 કારોળિયાના જીવનમાંથી શું શીખવા મળે છે?

(A) લાળ કરવી (B) નીચે પડવું

(C) વારંવાર પ્રયત્ન કરવો (D) ભૂલ કરવી

2 આ ગીતનો મુખ્ય સંદેશ શું છે?

(A) કરોળિયા જેવા બનવું (B) હિંમત રાખી આગળ વધવું

(C) ભૂલ કરીને ઊભા થવું (D) ડર ન રાખવો

## 2. જોડકાં જોડો

C-3.1 લેખન અને વ્યૂહરચનાઓનો ઉપયોગ કરેં છે(જેવી કે ઘટનાને ક્રમમાં ગોઠવવી, શીર્ષકો/પેટા શીર્ષકો, શરૂઆત-અંત ઓળખવા અને ફકરા પાડવા)

G 5311 વાર્તા, માહિતી અને અનુભવોમાંથી પ્રાપ્ત થયેલી સમાજને પરિચિત અને શીખેલા નવા શબ્દોના ઉપયોગ કરી અસરકારક વાક્યમાં લખે છે.

પ્રશ્ન 1. વિભાગ અ ,બ ,અને ક માં આપેલ વાક્યાંશોને જોડો. ગુણ 5

| અ | બ | ક |
|---|---|---|
| 1 આકાશમાં ઊડતાં પંખીઓને | 1 ફૂલો પર પડેલાં ઝાકળબિંદુ | 1 બાળકો આનંદ કિલ્લોલ કરે છે. |
| 2 સવારના કુમળા તડકામાં | 2 હિંચકા ખાવાની મજા માણતાં | 2 ધરતી પર તારા ઉતર્યા લાગે છે. |
| 3 વનરાજીમાં વહેતા ઝરણાનો | 3 આગિયાઓને જોઈને | 3 આપણું મન ખુશ થઈ જાય છે. |
| 4 ઘટાદાર વડલાની ડાળી પર | 4 પાંખો ફેલાવીને ઉડતા જોઈને | 4 શાંતિનો અનુભવ થાય છે. |
| 5 રાતના ગાઢ અંધકારમાં ટમટમતા | 5 ખડખડ અવાજ સાંભળતાં | 5 મોતીની જેમ ચમકતાં દેખાય છે. |

પ્રશ્ન 2 વિભાગ અ ,બ ,અને ક માં આપેલ વાક્યાંશોને જોડો. ગુણ 5

| અ | બ | ક |
|---|---|---|
| 1 ગુજરાતના દરિયાકિનારે | 1 કચરો હમેશાંકચરાપેટીમાં નાખી | 1 આપણા જ્ઞાનમાં વધારો થાય છે |
| 2 જંગલના રાજા સિંહની ગર્જના | 2 રસ્તો હમેશાં સાવચેતીથી | 2 વહાણોને સાચો રસ્તો બતાવે છે |
| 3 પુસ્તકાલયમાં જઈને શાંતિથી | 3 આખા વનને ગજવી મુકે છે | 3 ઓળંગવો જોઇએ |
| 4 સ્વચ્છતા જાળવવા માટે આપણે | 4 બેસીને પુસ્તકો વાંચવાથી | 4 અને બધાં પ્રાણીઓ ડરી જાય છે |
| 5 ટ્રાફિકના નિયમોનું પાલન કરી | 5 રાત્રે અજવાળુ આપતી દીવાદાંડી | 5 નાખવો જોઇએ |

પ્રશ્ન 3 વિભાગ અ ,બ ,અને ક માં આપેલ વાક્યાંશોને જોડો. ગુણ 5

| અ | બ | ક |
|---|---|---|
| 1 વરસાદમાં કાગળની હોડી બનાવીને | 1 ફટાકડા ફોડીને નવાં કપડાં પહેરવાની | 1 ત્યારે થોડો ડર લાગ્યો પણ મજા આવી. |
| 2 ઉત્તરાયણમાં આકાશમાં ઉડતા | 2 બગીચામાં ફરવા ગયા ત્યારે | 2 અમે ખૂબ આનંદથી તાળીયો પાડી. |
| 3 મેળામાં જઈને ચગડોળમાં બેસી | 3 વહેતા પાણીમાં તરતી મૂકીને | 3 મજા કંઈ અલગ જ હોય. |
| 4 રવિવારની રજામાં પપ્પા સાથે | 4 જ્યારે ઉપરથી નીચે આવ્યા | 4 અને લૂંટવાની બહુ મજા પડી. |
| 5 દિવાળીમાં આંગણામાં દીવા પ્રગટાવી | 5 રંગબેરંગી પતંગોને કાપવાની | 5 ત્યાં હિંચકા લપસણી પર રમ્યા. |

પ્રશ્ન 4. વિભાગ અ ,બ ,અને ક માં આપેલ વાક્યાંશોને જોડો. ગુણ 5

| અ | બ | ક |
|---|---|---|
| 1 દાદાએ રમુજી ટુચકો કહ્યો | 1 ચાલવા ગયેલા ભોળાભાઈને | 1 કે પ્રેક્ષકો તાળીઓ પાડવા લાગ્યા. |
| 2 શાળામાં નાટકનો વેશ ભજવી | 2 શાંતિથી ભણતા વિદ્યાર્થીઓ પણ | 2 પરના હાવભાવ જોવા જેવા હતા. |
| 3 ભૂલ થી ઊંધા ચંપલ પહેરી | 3 ત્યારે ઘરના બધા સભ્યો | 3 જોઈને શેરીના છોકરા હસ્યા. |
| 4 જોક્સ સાંભળીને વર્ગમાં | 4 ચાખ્યા પછી પપ્પાના મોઢા | 4 ખડખડાટ હસીને લોટપોટ થઈ ગયા |
| 5 મમ્મીએ બનાવેલી તીખી વાનગી | 5 મુન્નાએ એવો અભિનય કર્યો | 5 પોતાનું હસવું રોકી શક્યા નહીં. |

પ્રશ્ન 5 વિભાગ અ ,બ ,અને ક માં આપેલ વાક્યાંશોને જોડો. ગુણ 5

| અ | બ | ક |
|---|---|---|
| 1 હાથીભાઈને છીંક આવી | 1 મધપૂડામાં હાથ નાખવા ગયો | 1 ફેવિકોલની જેમ ચોંટી ગયા. |
| 2 જો સૂરજ ઉગવાનું ભૂલી જાય | 2 રેતીમાં ખૂંપતા નથી કારણ કે | 2 ઘોર્યા જ કરીએ કોઈ જગાડે નહીં. |
| 3 ચિંટુએ ગુંદરવાળો લાડુ ખાધો | 3 તો જંગલનાં બધાં ઝાડ | 3 તેના પગનાં તળિયાં ગાદીવાળાં હોય છે. |
| 4 લાલચુ લાલુ | 4 તો તેના બંને હોઠ | 4 મધમાખીઓએ તેને હોઠ પર પપ્પી કરી દીધી. |
| 5 રણમાં ચાલતા ઊંટના પગ | 5 તો આપણે આખો દિવસ | 5 પંખાની જેમ ગોળ ગોળ ફરવા લાગ્યાં. |

પ્રશ્ન 6 વિભાગ અ ,બ ,અને ક માં આપેલ વાક્યાંશોને જોડો. ગુણ 5

| અ | બ | ક |
|---|---|---|
| 1 અચાનક જોરદાર કડાકા | 1 હંમેશાં હિતકારી હોય | 1 જે આપણને ઘણું શીખવે છે. |
| 2 પુસ્તકાલયમાં શાંતિ | 2 જાળવવીએ તો જ | 2 મને ધ્રાસકો પડ્યો |
| 3 વડીલોની શિખામણ | 3 સાથે વિજળી થતાં | 3 શુદ્ધ હવા પાણી મળે. |
| 4 ગામડાનું જીવન | 4 અજાયબીઓથી ભરેલી છે | 4 એકાગ્રતાથી વાંચી શકાય. |
| 5 જીવજંતુઓની દુનિયા | 5 સાદું અને નિખાલસ હોય અને ત્યાં | 5 જે આપણને સાચી રાહ બતાવે છે. |

પ્રશ્ન 7 વિભાગ અ ,બ ,અને ક માં આપેલ વાક્યાંશોને જોડો. ગુણ 5

| અ | બ | ક |
|---|---|---|
| 1 ચંદ્રનો પ્રકાશ | 1 નાજુક અને | 1 ગરમાગરમ નાસ્તાની મજા પડે. |
| 2 કીડીઓની હાર | 2 વહેલી સવારે | 2 ને રાત્રીને તેજથી નવડાવે છે. |
| 3 પતંગિયાની પાંખો | 3 એક શિસ્તબધ્ધ લાઇનમાં ચાલે | 3 ને એતો ચાલી દરિયાપાર! |
| 4 શિયાળાની ગુલાબી ઠંડીમાં | 4 વહેતા પાણીમાં મૂકી | 4 જાણે સૈનિકોની પરેડ ચાલતી હોય. |
| 5 કાગળની હોડી | 5 શીતળતા આપે છે | 5 રંગીન હોય. |

પ્રશ્ન 8 વિભાગ અ ,બ ,અને ક માં આપેલ વાક્યાંશોને જોડો. ગુણ 5

| અ | બ | ક |
|---|---|---|
| 1 પોતાની ટોળીમાંથી | 1 થોડી ઘણી પસ્તી | 1 ફિલ્મ જોવા જતો રહ્યો. |
| 2 દરિયામાં હોડી જોઈ | 2 ને કેશવલાલ | 2 તો જીવવાનો આનંદ વધી જાય. |
| 3 કાગળના ઢગલામાં | 3 છૂટો પડીને એક તોફાની વાંદરો | 3 દરિયા પાર જવાની ઈચ્છા પ્રબળ બની ગઈ. |
| 4 માથા પર એકપણ વાળ હતો નહીં | 4 ધનુષના મનમાં | 4 કાંસકો ખરીદવા ગયા. |
| 5 પરિવાર આપણી | 5 સાથે હોય | 5 ને થોડા રંગીન કાગળ પણ હતા. |

પ્રશ્ન 9. વિભાગ અ ,બ ,અને ક માં આપેલ વાક્યાંશોને જોડો. ગુણ 5

| અ | બ | ક |
|---|---|---|
| 1 મિત્રોએ ધૂળેટીમાં મને | 1 ગોળ ગોળ ફરવા લાગ્યાં | 1 જેમાં અંદર જતાં પણ ડર લાગતો હતો. |
| 2 પવનચક્કીનાં પાંખિયાં | 2 રહસ્યમય દેખાતી હતી | 2 અચંબિત જ થઈ ગયા. |
| 3 અંધારી ગુફા | 3 એવો રંગ લગાડ્યો | 3 અને રાતનું રૂપ નિખારે છે. |
| 4 સાહસિક બાળકની | 4 હીરા જેવા ચમકે છે | 4 ને વીજળી ઉત્પન થવા લાગી. |
| 5 આભના તારા | 5 નીડરતા જોઈને સૌ | 5 કે મમ્મી પણ મને ઓળખી ન શકી. |

પ્રશ્ન 10. વિભાગ અ ,બ ,અને ક માં આપેલ વાક્યાંશોને જોડો. ગુણ 5

| અ | બ | ક |
|---|---|---|
| 1 ગધેડાનું બેસૂરું અને | 1 રાત્રે સપનામાં આવ્યું | 1 તોય તેમાંથી સસલું ક્યાંથી નીકળ્યું? |
| 2 હોમવર્કનું 'ભૂત' | 2 સાવ ખાલીખમ હતી | 2 સાંભળીને કાનના પડદા ફાટી ગયા. |
| 3 જાદુગરની 'ઝોળી' | 3 ખાધાં તો ખરાં પણ | 3 કીડીઓ તેના પર પિકનિક કરવા આવી ગઈ. |
| 4 ગરમા ગરમ ભજીયાં | 4 રસ્તા વચ્ચે ઘસઘસાટ સૂતો હતો | 4 તીખાં બહુ લાગ્યાં. |
| 5 આળસુ અજગર | 5 કર્કશ ગાયન | 5 ને સવાર પડતાં જ ગાયબ થઈ ગયું. |

## 3. સૂચના મુજબ કરો

**C -4.1 વિવિધ વાચન સામગ્રી (ગદ્ય – પદ્ય) સાંભળીને અને વાંચીને શબ્દોના અર્થોની ચર્ચા કરે છે અને શબ્દભંડોળ વિકસાવે છે.**

**G5412 અપરિચિત શબ્દોનો અર્થ ધારે છે અને ચકાસણી કરે છે.**

**પ્રશ્ન :** **ગુણ 5**

**પ્રશ્ન 1. ઉદાહરણ મુજબ લીટી દોરેલ શબ્દના સ્થાને કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી વાક્ય સુધારી ફરી લખો.** **(10)**

1. પહેલું ઇનામ મળતાં રીના <u>ખુશ</u> થઈ ગઈ. (ઉદાસ,આનંદ, ગમગીન)
2. ઉંદરને બિલાડી સાથે રમતો જોઈ મને <u>નવાઈ</u> લાગી. (શંકા, અચરજ, ખુશી )
3. મારી નવી ખરીદેલી પેન ખોવાઈ જતાં હું <u>ઉદાસ</u> થઈ ગયો. (ગંભીર, ગમગીન, શંકા )
4. મને એ વાતનું <u>આશ્ચર્ય</u> થયું કે અમદાવાદ ત્રણ મહિનામાં કેટલું બદલાઈ ગયું. (નવાઈ, મુગ્ધ, રડમસ)
5. પ્રથમની સાયકલનું પેન્ડલ તૂટી જતાં તે <u>રડમસ</u> બની ગયો. (ગંભીર, આનંદ, ઉદાસ)
6. નર્મદાનું પ્રથમ દર્શન અદભુત <u>આનંદ</u> આપનારું છે. (અપૂર્વ, અચરજ, ઉદાસ)
7. સર્કસમાં સળગતી રિંગમાંથી કુદતા વાઘને જોઈતું કુતુહલ થયું (અચરજ, શંકા, ઉદાસ)
8. દાદીમાએ પોતાના પુત્રને પ્રથમવાર જોયો ત્યારે <u>ગાંડા જેવાં</u> થઈ ગયાં. (ઘેલા થયા, ગંભીર થયા, દિલગીર થયા
9. ધનુષ્યમાંથી તીર <u>છૂટીને</u> સીધું નિશાને લાગ્યું. (અલગ થઈ, વછૂટી, ઉડીને)
10. વતન છૂટી જવાનું <u>દુઃખ</u> તેના હૃદયમાં કાયમ માટે રહ્યું. (રંજ, શંકા, આનંદ)

**C- 4.2** **વિવિધ પ્રકીર્ણ સામગ્રી તેમજ અન્ય વિષયોનું વિષયવસ્તુ સાંભળીને અને વાંચીને શબ્દોના અર્થોની ચર્ચા કરે છે અને શબ્દભંડોળ વિકસાવે છે.**

G5424 **શબ્દોને અર્થપૂર્ણ રીતે અન્ય સંદર્ભોમાં/અન્ય વિષયોમાં ઉપયોગ કરે છે.**

**પ્રશ્ન 2. વિરોધી અર્થ બતાવતા શબ્દ/શબ્દો મૂકી અર્થ પૂર્ણ વાક્ય બનાવો. (પ્રશ્ન દીઠ એક ગુણ)**

1. અમાસના દિવસે સૂર્યને જોઈ કાકા આનંદમાં આવી ગયા.
2. રીના એની મોટી બહેન સાથે દરિયા કિનારે ગઈ હતી.
3. પર્વતની તળેટીમાં મોટો કુંડ બન્યો છે.
4. રેલીમાં છોકરાઓ પાછળ ચાલે છે જ્યારે શિક્ષક પાછળ ચાલે છે.
5. કાવેરીના પ્રવાહ ગંગા નદી કરતાં વધુ છે.
6. બાજરી કરતાં ઘઉં મોંઘા મળે છે.
7. મનન કરતાં તપન ઊંચો છે પણ દોડવામાં ધીમો છે.
8. હું નવો શર્ટ લાવ્યો પણ પહેર્યો ત્યારે ટૂંકો પડ્યો.
9. શોના નાની હતી ત્યારે અંધારાથી ડરતી અને ખૂબ રડતી.
10. મારી પાસે એક બિલાડી છે એની પૂંછડી કાળી અને વાંકી છે.
11. કૂકડો અને મોર આકાશમાં વધુ ઊંચે લાંબા અંતર સુધી ઉડી શકતા નથી.

**C- 1. 2** **વર્ગમાં વાંચેલી-વંચાયેલી સામગ્રીમાંથી મુખ્ય વિચારોનો સારાંશ કહે છે.**

G5123 **વિવિધ વિગતો સાંકળીને રજૂઆત કરે છે.**

**પ્રશ્ન 3. 'અ' અને 'બ' માંથી એક - એક શબ્દ પસંદ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો.**

**ઉદાહરણ – મારી શાળામાં એક સુંદર ઔષધાલય છે.**

| **અ** | **બ** |
|---|---|
| ભોજન | - કિનારો |
| સાપ | - મધ |
| લીંબુ | - પંખી |
| **<u>શાળા</u>** | - જંગલ |
| આશ્રમ | - ભિક્ષા |
| ખોરાક | - **<u>સુંદર</u>** |
| મધમાખી | – ઇંડાં |
| નદી | - પોષણ |
| સવાર | - શિષ્ય |
| સિંહ | - શરબત |
| હોડી | – કાગળ |

**C - 1.2 વર્ગમાં વાંચેલી-વંચાયેલી સામગ્રીમાંથી મુખ્ય વિચારોનો સારાંશ કહે છે.**

G5121 **સાંભળેલી વાર્તા કે ઘટના, વર્ણનમાંથી પ્રશ્નોત્તરીને આધારે મુખ્ય મુદ્દા વિસ્તૃત રીતે રજૂ કરે છે.**

**પ્રશ્ન 4. ઉદાહરણ મુજબ જરૂરી ફેરફાર કરી વાક્ય લખો.**

ઉદાહરણ- કદમ વાર્તા વાંચશે. (શું કરે છે?)

કદમ વાર્તા વાંચે છે.

1. જીયા નાટકમાં અભિનય કરશે (શું કરે છે?)
2. કશ્યપે ગુલાબમાંથી ગુલકંદ બનાવ્યું (શું કરશે?)
3. જગત અને જીજ્ઞા લેસન કરે છે. ( શું કરે છે?)
4. હું દરિયા કિનારે રેતીમાંથી મહેલ બનાવવું છું. (શું કરીશ?)
5. ચાહત મેથીનો ઉપયોગ કરી કોફી બનાવે છે. (શું કરશે?)

6. ચંદ્ર બિલાડીના બચ્ચા ને બોટલ માંથી દૂધ પીવડાવે છે (શું કરશે?)
7. હું અને વિવાન ઉતરાણના દિવસે આખો દિવસ પતંગ ચગાવીશું. (શું કરશે?)
8. વેપારી મેદાનમાં તંબુ બાંધશે. (શું કર્યું?)
9. શિક્ષક વિદ્યાર્થીને સમજાવશે. (શું કર્યું?)
10. ડોક્ટર દર્દીનું નિદાન કરે છે. (શું કર્યું?)

**C-2.2 મુખ્ય વિચારોની સમજણ રજૂ કરે છે અને વાંચેલી સામગ્રીમાંથી આવશ્યક તારણો કાઢે છે**

**G5222 સંકૂલ માહિતીવાળી સામગ્રીમાંથી માહિતીને સમજવા માટે વિગતો વચ્ચેના સંબંધોની નોંધ કરે છે.**

**પ્રશ્ન 5. ઉદાહરણ મુજબ કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય ફરીથી લખો.**

ઉદાહરણ: શહેર કરતાં ગામડામાં વસ્તુ સસ્તી મળે છે. (મોંઘી)

વાક્ય: ગામડા કરતાં શહેરમાં વસ્તુ મોંઘી મળે છે.

1. પવન કરતાં કવન ઊંચાઈમાં ઊંચો છે. (નીચો)
2. કવિતાની કાર તમામ કાર કરતાં આગળ હતી. (પાછળ)
3. સાગનું લાકડું લીમડાના લાકડા કરતાં વધારે મજબૂત હોય છે. (નબળો)
4. નદી કરતાં દરિયામાં પાણી વધારે હોય છે. (ઓછું)
5. બકરી કરતાં બળદ વધુ બળવાન પ્રાણી છે. (નિર્બળ)
6. છ એલ્યુમિનિયમ કરતાં લોખંડ વજનદાર હોય છે. (હલકું)
7. સાત ચાંદી કરતાં સોનું વધારે મોંઘુ હોય છે. (સસ્તુ)
8. કંકોડા કરતાં કારેલાનો સ્વાદ કડવો હોય છે. (મીઠો)
9. શેત્રુંજી કરતાં સાબરમતી પહોળી નદી છે. (સાંકડી)
10. છરી કરતાં તલવાર લાંબી હોય છે. (ટૂંકી)

**પ્રશ્ન 6. આપેલ પ્રશ્નોના ઉત્તરો ત્રણ-ચાર વાક્યમાં આપો** **6 ગુણ**

C-1.2 વર્ગમાં વાંચેલી વંચાયેલી સામગ્રીમાંથી મુખ્ય વિચારોનો સારાંશ કહે છે.

G 5121 સાંભળેલી વાર્તા કે ઘટના મરણમાંથી પ્રશ્નોત્તરીને આધારે મુખ્ય મુદ્દા વિસ્તૃત રીતે રજૂ કરેં છે.

G 5125 સાંભળેલી/વાંચેલી વિગતોનો સારાંશ પોતાના શબ્દોમાં યોગ્ય રીતે કરે છે.

C-2.2 મુખ્ય વિચારોની સમજણ રજૂ કરેં છે અને વાંચેલી સામગ્રીમાંથી આવશ્યક તારણો કાઢે છે.

આપેલા પ્રશ્નોના ઉત્તરો ત્રણથી ચાર વાક્યમાં આપો.

1 ચંદ્રને દરરોજ વધતાં અને ઘટતાં જુઓ છો ત્યારે તમે શું વિચારો છો?

2 આકાશમાં વાદળથી બનેલાં કેવાં ચિત્રો (આકારો) તમે જોયાં છે?

3 સૂરજ , ચંદ્ર, તારા અને વાદળોમાંથી તમને શું થવું ગમે? કેમ?

4 પર્વત પર રહેવાના શા ફાયદા થતા હશે?

5 સૂરજ અને ચન્દ્ર તમને મળી જાય તો તમે તેને શું શું પૂછો?

6 પર્વતની ટોચ પરથી બીજું શું શું દેખાતું હશે?

7 તમે કયાં કયાં પ્રાણીઓનાં પગલાંની છાપ વધુ ગમે છે?

8 તમને અચરજ થયું હોય તેવી ઘટનાઓની યાદી બનાવો.

9 શાનું સપનું આવે તો તમને ખૂબ જ ગમે? કેમ?

10 જો પર્વત બોલી શકતો હોત તો તે સૂરજ અને ચંદ્રને શું કહે?

11 રાજી હોઈએ ત્યારે અને ગમગીન હોઈએ ત્યારે વર્તનમાં કયા ફેરફારો જોવા મળે છે?

પ્રશ્ન :7 આપેલા પ્રશ્નોના ઉત્તરો ત્રણથી ચાર વાક્યમાં આપો

1 તમને હસતા અને રડતા લોકોમાંથી વધુ કોણ ગમે? શા માટે?

2 ‘ઢેબરાનો ન્યાય’ એકમમાં કયું પાત્ર તમને સૌથી વધુ પ્રભાવિત કરે છે? શા માટે?

3 ‘ઢેબરાનો ન્યાય’ એકમમાં તમને કઈ મહત્વની શીખ મળે છે?

4 જો રાજાએ પક્ષપાત કર્યો હોત તો પરિણામ શું આવ્યું હોત?

5 તમે રાજા જેવી સમજદારી દાખવી હોય તેવી ઘટના જણાવો.

6 આ એકમમાં થયો છે એવો ન્યાય બીજે ક્યાંય જોયો હોય તો લખો.

7 તમને ખીલેલાં ફૂલો ગમે છે? શા માટે?

8 આપણે શા માટે હમેશાં હસતું રહેવું જોઈએ?

9 તમારી પાસે કોઈ માણસ ફરિયાદ લઈને આવે તો તમે કેવી રીતે ન્યાય આપશો?

10 તમે બીજા લોકોના હસતા ચેહરા જુઓ ત્યારે કેવી લાગણી અનુભવો છો?

11 તમારા ઘરમાં ‘ઢેબરા’ જેવી બીજી કઈ કઈ વાનગી બને છે?

12 દુધાળા પશુઓની કઈ કઈ કાળજી લેવાની હોય છે?

13 મૂંગાં પ્રાણી જો બોલવા માંડે તો માણસ સામે કઈ રીતે ગુસ્સો વ્યક્ત કરે?

14 પહેલાંના સમયમાં લખાણ કરવા માટે કઈ વસ્તુનો ઉપયોગ થતો?

15 પહેલાંના સમયમાં સંદેશ કઈ રીતે મોકલવામાં આવતા?

16 તમારી ભાવતી વાનગી વિશે લખો.

17 તમે જે સ્થળની મુલાકાત લીધી હોય તેના વિશે ત્રણ ચાર વાક્યમાં લખો.

18 તમારા વિસ્તારની સુરક્ષા કોણ કરે છે? કેવી રીતે?

19 બીજાને ખબર ન પડે એ રીતે તમે મિત્રને કેવી રીતે માહિતી આપશો?

20 તમને અન્યાય થયો હોય તેના વિશે ત્રણ ચાર વાક્યમાં લખો.

આપેલા પ્રશ્નોના ઉત્તરો ત્રણથી ચાર વાક્યમાં આપો.

1 ફરવું, રમવું અને ઊડવું- તમને સૌથી વધુ શું ગમે? કેમ?

2 આકાશમાં રમવા તમે કઈ રમત પસંદ કરો? કેમ?

3 એક સમયમાંથી બીજા સમયમાં જવા મળે તો તમે કયા યુગમાં જશો? શા માટે?

4 પ્રવાસમાં જઇએ ત્યારે શું શું ધ્યાનમાં રાખવું જોઈએ?

5 તમે પાછા નાના થઈ જાઓ તો તમને ગમે? કેમ?

6 ડાયનાસોરનું પુતળુ તમારા ગામમાં કઈ જગ્યાએ મૂકશો? શા માટે?

7 ‘છેલ્લું પતંગિયું’ વાર્તા તમને ગમી? કેમ?

8 કવિતા અને વાર્તામાંથી તમને શું બનાવવું ગમે? શા માટે?

9 તમારે ચાડિયો બનાવવાનો હોય તો તમે કેવો ચાડિયો બનાવો?

10 ચાડિયોને માટલું અને જૂનાં કપડાં શા માટે પહેરાવવામાં આવે છે?

11 ખેતરમાં ચાડિયો ન હોય તો શું થાય?

12 ચાડિયાને ઋતુઓની અસર થાય છે? કેમ?

13 ચાડિયો અંધારામાં કેવો દેખાતો હશે?

## પ્રશ્નોના ઉત્તરો આપો.

**C- 1. 1 વિવિધ સંદર્ભોમાં અસ્ખલિત અને અર્થપૂર્ણ રીતે વાત કરે છે.**

G5114 વિવિધ સામગ્રી અને પરિસ્થિતિઓની રજૂઆત પોતાની ભાષામાં અસરકારક રીતે કરે છે.

G5125 સાંભળેલી / વાંચેલી વિગતોનો સારાંશ પોતાના શબ્દોમાં યોગ્ય રીતે કરે છે.

**C-2.1 વિવિધ લખાણને સમજવા માટે અર્થગ્રહણ માટેની વિવિધ વ્યૂહરચનાઓ (અનુમાન કરવું, ધારણા કરવી, કલ્પના કરવી) નો ઉપયોગ કરે છે.**

G5216 બહુભાષીય અને બહુવિષયક પરિચિત તેમજ કાલ્પનિક સામગ્રી અને વિષયોના આધારે સર્જનાત્મક લખાણ કરે છે.

G5223 સંકુલ સામગ્રીના ઓળખેલા સંબંધને આધારે મુખ્ય વિચારો તારવે છે.

**C-3.1 લેખનની વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે. (જેવી કે ઘટનાને ક્રમમાં ગોઠવવી, શીર્ષકો/પેટા-શીર્ષકો, શરૂઆત – અંત ઓળખવા અને ફકરા પાડવા)**

G5311 વાર્તા, માહિતી અને અનુભવોમાંથી પ્રાપ્ત થયેલી સમજને પરિચિત અને શીખેલા નવા શબ્દોનો ઉપયોગ કરી અસરકારક વાક્યોમાં લખે છે. .


G5312 આડાઅવળા શબ્દોને ગોઠવીને વાક્ય બનાવે છે અને તે વાક્યોને ઘટનાના યોગ્ય ક્રમમાં ગોઠવે છે.

**C-3.3 યોગ્ય માહિતી અને હેતુ સાથે પોસ્ટર, આમંત્રણો, સરળ કવિતાઓ, વાર્તાઓ અને સંવાદો બનાવે છે.**

G5335 આપેલી કવિતાના વિષયને અનુરૂપ ચાર/છ પંક્તિ કવિતા / હાઇકુ, જોડકણું રચે છે.

**પ્રશ્ન : આપેલા પ્રશ્નોના ઉત્તર આપો. ગુણ 7**

પ્રશ્ન 1. આપેલ ચિત્રને આધારે પાંચ વાક્ય બનાવો.




પ્રશ્ન 2. આપેલ શબ્દનો ઉપયોગ કરી વાર્તા બનાવો.

ઘરડાં માજી, ચોર, દીકરો, સાથીદાર, અકસ્માત, હવે શાંતિ થઇ!

પ્રશ્ન 3. આપેલ શબ્દનો ઉપયોગ કરી ફકરો લખો. .

ગામ, મેળો, દુકાનો, છોકરાઓ, ચકડોળ, ફુગ્ગાવાળો, રંગબેરંગી ફુગ્ગાઓ, ગરીબ બાળક, ઈચ્છા, ખુશી.

પ્રશ્ન 4 અધુરી કાવ્યપંક્તિ પૂર્ણ કરો.

1. રોજ ઊગે સૂરજ. . . . . . . . . . . . .
2 ખેતરમાં ઊગે ઘાસ અને. . . . . . . . . . . . . . . .
3 ઠંડો ઠંડો પવન અને. . . . . . . . . . . . . . . . . . . . . . .
4 ઘેરાશે વાદળો અને. . . . . . . . . . . . . . . . .
5 ઝરમર ઝરમર વરસતો વરસાદ અને. . . . . . . . . . . . . . . . . . .

6 લીલાં ધોળાં પાંદડાં,. . . . . . . . . . . . . . . .

પ્રશ્ન 5 અધુરી વાર્તા પૂર્ણ કરો.

એક શહેરના મોટા બગીચામાં પીપળાનું એક ઝાડ હતું. . . . . . . . . . . . . . . .

પ્રશ્ન 6 નીચે આપેલ ઉદાહરણ મુજબ સાથે જોડાયેલા શબ્દો લખી તેનો વાક્યપ્રયોગ કરો.

ઉદા. શાળા: વિદ્યાર્થી, શિક્ષક, અભ્યાસ, બિલ, રિસેસ.

1 ગામ :________

2 રેલવેસ્ટેશન ______

3 બગીચો _______

4 જંગલ_______

5 સવાર _______

પ્રશ્ન 7 શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

1 મેદાન રમત ક્રિકેટ

2 શાળા વિદ્યાર્થી મેદાન

3 મમ્મીપપ્પા બજાર

4 પરીક્ષા જવાબ વિસ્તાર

5 બગીચો ફુલ ખીલવું

પ્રશ્ન 8 આપેલાં વાક્યોમાં યોગ્ય શબ્દ મૂકીને વાક્ય પૂરું કરો.

1 એ તો મીનાને તાવ આવી ગયો. બાકી દોડ હરીફાઈમાં તેને. . . .. . . . . . લેવો હતો.

2 આજે મારે શાળાએ પહોંચવામાં . . . . . . .. . . . થયું છે. આથી છેલ્લી પાટલી પર બેસવા મળશે.

3 મને મીઠાઈ ખૂબ . . . . . . . . . . . . છે.

4 મારી મમ્મીએ રસોઈ. . . . . . . . . . . . . . . બનાવી.

5 કચરો. . . . . . . . . . . . . . . . . . . . . . નાખવો જોઈએ.